# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
www.jainjagruticentre.com
www.jainjagruticentre.org

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



## કેબિનેટ કમિટી

| | | |
|---|---|---|
| ચેરમેન | : | શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| આઈ.પી.ચેરમેન | : | શ્રી કિરણ એચ. શાહ |
| ફાઉન્ડર ચેરમેન | : | શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચેરમેન | : | શ્રી રમેશ જે. મોરબિયા |
| | | શ્રી પ્રફુલ્લ એમ. શાહ |
| સેક્રેટરી જનરલ | : | શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : | શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | | શ્રી કિશોર એસ. શેઠ |
| | | શ્રી કીર્તિ પી. સખપરા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| ખજાનચી | : | શ્રી અનિલ જી. દોશી |
| તંત્રી | : | શ્રી રમેશ એમ. સંઘવી |

## જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | | |
|---|---|---|
| ચેરમેન | : | શ્રી કિરણ એચ. શાહ |
| ચેરમેન (ઈલેક્ટ) | : | શ્રી કિશોર એન. શાહ |
| તા.ભૂ.પૂ.ચેરમેન | : | શ્રી દિનેશ વી. શાહ |
| વાઈસ ચેરમેન | : | શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચેરમેન | : | શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : | શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : | શ્રી સંજય બી.શાહ |
| જો. સેક્રેટરી | : | શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : | શ્રી હસમુખ કે. દેઢિયા |
| સહખજાનચી | : | શ્રી કિશોર એસ. શેઠ |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી દીપચંદ એસ. ગાર્ડી | શ્રી પ્રવીણ જી. શાહ |
| શ્રી કમલેશ સી. શાહ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| શ્રી રવજી જી. ગાલા | શ્રી અનિલ જી. દોશી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી શૈલેશ ડી. શાહ |

- પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
- કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.



**છૂટક મુલ્ય રૂ.૫/-** **વાર્ષિક લવાજમ રૂ.૪૦/-**


[illegible].....



**આદરણીય સભ્ય સ્વજનો,**

સ્નેહાળ સભ્યો,

જૈન જાગૃતિ સેન્ટર એક એવું વૃક્ષ બની ગયું છે જે શીતળ છાંયડો આપે છે, મીઠાં ફળ પણ આપે છે અને જૈન સમાજના આંગણની શોભા પણ વધારે છે.

૧૯૭૫માં વાતવાતમાં સાવ અચાનક ઊગેલા એક છોડને અનેક સાધકોના પુરુષાર્થરૂપી પસીનાનાં પુષ્પો ઊગ્યાં છે. આજે આપણી આ વિરાટ સંસ્થાએ 'જાગૃતિ સંદેશ'ના માધ્યમ વડે Revolution (સામાજિક ક્રાંતિ), Refermation (ધાર્મિક સુધારણા) અને Renaissance (કળા ક્ષેત્રે પગરણ)ની આહલેક ઉપાડી છે જેમાં તમારો હિસ્સો અમૂલ્ય છે.

કલ્પના પણ ન કરી હોય તેવો પ્રતિભાવ તાજેતરમાં જૈન જાગૃતિ સેન્ટર દ્વારા દિવાળીની વૅકેશન દરમિયાન પ્રાયોજિત શિખરજી મહાયાત્રાને મળ્યો.

એક જ મહિનામાં મુંબઇથી ત્રણ ફૂલ ટ્રેન દ્વારા મહાયાત્રામાં જોડાયેલા જે.જે.સી. યાત્રાળુઓ થકી એક રેકર્ડ સ્થાપિત થયો છે. સમર્પિત કાર્યકર્તાઓ અને આસ્થાળુ યાત્રિકો-સભ્યોને મારા અભિવાદન. તન-મન-ધનની પ્રણાલીગત ઉક્તિમાં આપણે સમય અને સમજનો ઉમેરો કર્યો છે.

આ જાત્રાની ફળશ્રુતિમાં આપણે એક અનુભવસિદ્ધ સંકલ્પ તારવીએ કે દિવાળી વૅકેશન દરમિયાન શિખરજી તથા અન્ય ધાર્મિક સ્થળોએ ભારતભરના યાત્રાળુઓ આવતા હોય છે. ધાર્મિક સ્થળોએ લખલૂટ ખર્ચાઓ કરીને સ્ટાર ગ્રેડેડ સગવડતાઓ યાત્રાળુઓ માટે ઊભી કરનાર જૈન સમાજે આપણા અતિમહત્ત્વના પવિત્ર સ્થાનમાં આવી સગવડતા ઊભી કરવામાં કેમ ઉદાસીનતા સેવી છે તે એક ન સમજાય તેવું સત્ય છે!

આ સ્થાનકોમાં યાત્રાળુઓને દિવાળીના દિવસો દરમિયાન ખૂબ જ અગવડતા ભોગવવી પડે છે. આપણા લાખ પ્રયત્નો છતાં થોડીક અવ્યવસ્થાનો શિકાર બનીયે છીએ. વસ્તુસ્થિતિ ન સમજતા સભ્યોની અપેક્ષાઓને આપણે સંતોષી શકતા નથી. મારું એવું મંતવ્ય છે કે દિવાળીના દિવસોમાં અથવા રજાના દિવસો દરમિયાન શક્ય હોય તો આવી જાત્રાનું આયોજન ન કરવું જોઈએ?

એક પછી એક સેન્ટરના સમાચાર આવી રહ્યા છે તે પ્રમાણે વર્ષ ૨૦૧૦-૨૦૧૧ની મુદતની કારોબારીની રચના થઈ ચૂકી છે. હજી જે કોઈ સેન્ટરે તેમની કારોબારીની રચના ન કરી હોય

તેઓને વિનંતી સાથે તાકીદ કરું છું કે વહેલામાં વહેલી તકે કારોબારી કમિટીની ચૂંટણી કરીને સેન્ટ્રલ બોર્ડને વિદિત કરે. મને આનંદ થાય છે કે મોટા ભાગનાં સેન્ટરોએ ઉત્સાહી યુવાન અને કોઠાસૂઝધારી અનુભવી કાર્યકર્તાઓની કારોબારી કમિટી બનાવવાની મારી સૂચનાને વધાવી લીધી છે.

દરેક ચૂંટાઇ આવેલા સભ્યોને મારાં અભિનંદન. મારું હજી એક સૂચન છે કે દરેક સેન્ટરોએ મનોરંજક કાર્યક્રમોની સાથે સાથે ધાર્મિક, સામાજિક, સમાજને જરૂરિયાતવાળા મેડિકલ કૅમ્પ, યુવામેળા, સમૂહલગ્ન, વ્યક્તિત્વવિકાસ કરતી વ્યાખ્યાનમાળા વગેરેનું આયોજન કરવું જોઇએ. આ થકી આપણો ભવિષ્યનો સમાજ સબળ અને તંદુરસ્ત બનશે.

હાયર એજ્યુકેશન અભિયાન ચાલુ જ છે. બીજાં પાંચ વર્ષ આપણે બધાએ હાથના અંકોડા ભેરવીને આ કામ પાર પાડવાનું છે. તેમાં પણ તમારે યોગદાન આપવાનું છે.

જૈન જાગૃતિ સેન્ટર હવે મુંબઇની મોટામાં મોટી સંસ્થા બની જતાં સમાજની અપેક્ષા આપણા તરફ વધી ગઇ છે. આપણે હવે બહુ જ તકેદારીથી કામ કરવું પડશે. એક વાત નોંધવી જરૂરી છે કે જ્યારે અન્ય સંસ્થાઓમાં ઉત્સાહી યુવાનોને સ્થાન નથી, યુવાનોને ઉત્સાહિત કરવામાં આવતા નથી, નવા વિચારો અને જોમને પ્રાધાન્ય આપવામાં આવતું નથી ત્યારે આપણે એક એવી પગદંડી બનાવી છે કે યુવાનો પ્રેરાઇને ખેંચાઇને અદમ્ય ઉત્સાહ સાથે આપણી સંસ્થામાં જોડાય છે.

યુવાનોના તરવરાટથી આપણી સંસ્થા છલકાય છે. યુવાશક્તિના ઘોડાપૂરને અનુભવસિદ્ધ વડીલો નિશ્ચિત દિશા આપવામાં સફળ થયા છે. આપણી સંસ્થા એક એવી સર્વમાન્ય સંસ્થા બની છે કે જેમાં ફક્ત કપલ જ નહીં, ફક્ત વડીલો જ નહીં, પણ બાળકથી લઇને યુવાનો-કિશોરો અને વડીલો-દાદા-દાદીઓ કે નાના-નાનીઓ બધાં એક જ સાથે હળે-મળે છે અને એક જ સાથે કાર્યક્રમો માણે છે. બધા પોતાના વિચારો ખુલ્લા મને પ્રદર્શિત કરે છે.

ફિરકાઓથી પર રહીને ૬૫૦૦૦ જૈનોએ હાથના અંકોડા ભેરવી જૈન સાંકળ રચી છે અને સાંકળ દિવસે દિવસે મોટી થતી જાય છે. અમને એટલા બધા અભિનંદન અને આભારના ફોન આવે છે કે આપણાં યુવામેળા કે સમૂહલગ્ન થકી કેટલાંયનાં દીકરા-દીકરીના પ્રસંગો સુખરૂપ પતી ગયા છે. જે.જે.સી. ખરેખર આશીર્વાદરૂપ છે.

જોતજોતામાં નવેમ્બર મહિનો પૂરો થશે અને સમૂહલગ્નની સિઝન આવી ગઇ. ૧૩ ડિસેમ્બરે સુરેન્દ્રનગર અને જૂનાગઢ ખાતે તથા ૨૦મી ડિસેમ્બરે મુંબઇ ખાતે સમૂહલગ્નના આયોજનની જોરદાર તૈયારી થઇ રહી છે. ઉપરાંત ૩ જાન્યુઆરીએ જે.જે.સી.-કલાનગરીના યુવામેળાની નોબત વાગી રહી છે. દરેક આયોજકકર્તાઓને મારાં અભિનંદન અને Best Wishes.

આવા બધા બહુરંગી કાર્યક્રમો કરતા કરતા આપણે એક ફેકલ્ટીને કેમ ભૂલીયે? યુવાનોના ટેસ્ટને પણ આપણે આદર આપવો જોઇએ. સ્પોર્ટ્સમેન્ટ સ્પિરિટ (ખેલદિલી)ના ગુણને ખીલવતો એક કાર્યક્રમ આપણે છેલ્લાં ત્રણ વર્ષથી આરંભ્યો છે તે છે ઇન્ટર સેન્ટર ક્રિકેટ ટુર્નામેન્ટ.

મુંબઇનાં સેન્ટરો માટે તા. ૩૦-૩૧ જાન્યુઆરીએ ક્રિકેટ મૅચનું આયોજન થઇ રહ્યું છે તે વિગત હવે પછીથી આપીશું, પણ મારે ખાસ કહેવાનું છે કે ક્રિકેટ એ સાર્વત્રિક રસ ધરાવતી રમત છે. મુંબઇ હોય કે કચ્છ કે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર કે દક્ષિણ ગુજરાત, કોઇમ્બતુર હોય કે કોલકાતા, રાયપુર હોય, ક્રિકેટ સર્વપ્રિય રમત છે. મારી દરેક એરિયાના કૉ-ઑર્ડિનેટરને વિનંતી છે કે આપના વિસ્તારમાં ટુર્નામેન્ટનું આયોજન કરે. ક્રિકેટ સિવાય અન્ય રમતોનું પણ આયોજન થઇ શકે.

થોડા સમય પહેલાં એક જગ્યાએ જુદીજુદી સંસ્થાના પ્રતિનિધિઓ વિચારવિનિમય માટે મળેલા. દરેકને એક જ પ્રશ્નો હતો કે જે.જે.સી. એવું તો શું કરે છે કે જ્યારે અમારી સંસ્થામાં સભ્યો ઘટતા જાય છે ત્યારે જે.જે.સી.માં દર વર્ષે સભ્યો કેમ વધતા જાય છે.

મારું એમ કહેવાનું છે કે જે.જે.સી. એક સ્થૂળ સંસ્થા કરતાં વધુ એક પરિવાર છે અને પરિવારમાંથી અલગ થવાનું કોઇને ગમતું નથી. આવા પરિવારમાં જ સારા વિચારો, સારા સંસ્કારો, સારા આદર્શ અને સારું વ્યક્તિત્વ ખીલતું હોય છે.

અમને એ વાતનું ગર્વ છે કે અન્ય સંસ્થાઓ જે.જે.સી. સાથે વિચારવિનિમય કરી એ જાણવા આવે છે કે આપણે આવડા મોટા પરિવારને કઇ રીતે સાથે રાખી

શકીએ છીએ? આવડા મોટા પરિવારમાં અનુશાસન કઈ રીતે સ્થાપી શકીએ છીએ?

વાત નીકળી જ છે તો આપણા અનુશાસનના એક વિશિષ્ટતાભર્યા અંગની વાત કરું. હાયર એજ્યુકેશન અભિયાન અન્વયે લેવાતા વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ દરમિયાન આપણે સમાજના મોભી, દાનવીરો કે અન્ય સંસ્થાના પદાધિકારીઓને આપણી કાર્યપદ્ધતિને નિહાળવા ઑફિસે આવવા આમંત્રણ આપેલું. તેઓ આપણી કાર્યપદ્ધતિ તેમ જ ઑફિસથી પ્રભાવિત થયા. આપણી મહેમાનગતીથી આનંદ અનુભવતા જાણવા ખાતર પૂછ્યું કે ઑફિસનો આપનો વાર્ષિક ખર્ચો કેટલો આવે છે અને કેવી રીતે વ્યવસ્થા કરો છો.

તેમનો સૂચક પ્રશ્ન હું સમજી ગયો. તેમના મનનું સમાધાન કરવા મેં કહ્યું કે ઑફિસમાં પગાર-વીજળી ખર્ચ, ટેલિફોન ખર્ચ અને અન્ય વેરા સિવાય કોઈ જ ખર્ચ ઑફિસ પર નાખવામાં નથી આવતો. અન્ય ખર્ચામાં મહેમાનગતી, ચા-પાણી, નાસ્તો કે પદાધિકારીઓનો પ્રવાસ ખર્ચ, તેમનો કૉમ્યુનિકેશન ખર્ચ વગેરે તેઓ પોતે જ ભોગવી લે છે. ઑફિસની મિટિંગનો ખર્ચ પણ સભ્યો સંયુક્તપણે ભોગવે છે.

બહારગામ કોઈ સેન્ટરના કાર્યક્રમમાં હાજરી આપવા જવું હોય તોપણ જે પદાધિકારીઓ જાય તેઓ પોતે જ ખર્ચ ભોગવી લે છે, એ જ પ્રમાણે દરેક સેન્ટરની મિટિંગનો ખર્ચ, પિકનિક-પ્રવાસ માટેની પાઈલોટ ટૂર કે બીજો કોઈ પણ ખર્ચ જે તે સેન્ટરના પદાધિકારીઓ જ ભોગવે છે. સેન્ટર પર તેનો આર્થિક ભાર આવતો નથી. આથી જ અનુશાસન સ્થપાય છે. આ સાંભળીને એક વયોવૃદ્ધ કાકાએ કહ્યું કે દીકરા, અમારા તમને અંતરના આશીર્વાદ છે કે આવાં સારાં કાર્યો કરતાં જ રહો. મેં મારી ઉંમરમાં ઘણી સંસ્થા નિહાળી છે અને તેમાં કામ પણ કર્યું છે, પણ મને કહેતા ગર્વ થાય છે કે જે.જે.સી. એક એવી સંસ્થાના પરિચયમાં આવ્યો કે સંસ્થાનો એક પણ પૈસો ઑફિસના કાર્યમાં વપરાતો નથી. સંસ્થા Everlasting બનવા આ બહુ જ જરૂરી છે.

ટૂંકમાં જે.જે.સી. હવે એક ઓપન યુનિવર્સિટી બનવા ધસી રહી છે જ્યાં વિકાસયાત્રાનાં સર્વ અંગો શીખવા મળે છે.

*લિ. જિતેન્દ્ર કોઠારી*
*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

## માયાજાળ મોબાઈલની

તમે આ વાંચી રહ્યા છો ત્યારે ચેક કરો. તમે તમારો મોબાઈલ ક્યાંક ભૂલી આવ્યા છો કે કોઈ ઉપાડી ગયું છે અથવા કોઈ તમારો મોબાઈલ ચોરી ગયું છે. કોઈએ તફડંચી કરી છે. કોઈનો મોબાઈલ હાથમાંથી ઊંચકી ગયું છે. હવે શું કરશો?

આજકાલ મોબાઈલ સસ્તા નથી. બધા જ યુવાનો હાઈ-ફાઈ મોબાઈલ વાપરે છે જે ૧૦,૦૦૦ થી ૫૦,૦૦૦ના હોય છે.

થોડી સૂચનાનો અમલ કરશો?

૧) તમારા મોબાઈલ પરથી # 06 # ડાયલ કરો.
૨) તમારો મોબાઈલ ૧૫ આંકનો એક યુનિક નંબર બતાવશે.
૩) આ નંબર તમે તમારી ડાયરી કે બીજા મોબાઈલ પર નોંધી લ્યો. (આ નંબર તમારો મોબાઈલ ચોરાઈ જાય તો તેને શોધી કાઢવામાં મદદરૂપ બનશે. આને IMEI નંબર કહેવાય છે.)
૪) તમને જ્યારે ખબર પડે કે મોબાઈલ ગુમ થઈ ગયો છે ત્યારે તુરંત જ IMEI-15 આંકનો નંબર નીચેના એડ્રેસે Email કરો. Email ID : cop@vsnl.net સાથેસાથે નીચે જણાવ્યા પ્રમાણેની માહિતી પણ mail કરો.
   (i) તમારું નામ (ii) એડ્રેસ (iii) ફોન મોડેલ (આ પણ તમારી ડાયરીમાં નોંધી લ્યો) (iv) મોબાઈલ મારફત કરાયેલો છેલ્લો નંબર (v) તમારો Email ID (vi) મોબાઈલ ખોવાયાની તારીખ (vii) IEMI નંબર.
૫) પોલીસ પાસે જવાની જરૂર નથી.
૬) GPRSની Complex System અને Internet દ્વારા તમારો મોબાઈલ બીજા ૨૪ કલાકમાં શોધી કાઢવામાં આવશે.
૭) તમારો નંબર બદલાવી નાખ્યો હોય તોપણ, તમને માહિતી મળી રહેશે કે તમારો મોબાઈલ ક્યાં વપરાઈ રહ્યો છે.

તો આ વાંચ્યા પછી તમારા બધા મોબાઈલના IEMI (15 digit) તથા Modelની માહિતી નોંધી લ્યો. BEST LUCK

સૌજન્ય : શ્રી સંજય બી. શાહ
સેક્રેટરી જનરલ, સેન્ટ્રલ બોર્ડ

# વિવિધ સેન્ટર્સ દ્વારા નાટ્યગૃહોમાં યોજાયેલ પારિવારિક કાર્યક્રમો

| જે.જે.સી. | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|
| • અમૃતનગર | : ૦૭-૧૦-૦૯ | નાટક : 'જોડે રેજો રાજ' | ✉ |
| • અંકલેશ્વર | : ૨૯-૦૯-૦૯ | નાટક : 'લાલો લાભ વગર લોટે નહીં' | ✉ |
| • બૉમ્બે ડાઉન ટાઉન | : ૨૫-૧૦-૦૯ | ગેટ-ટુ-ગેધર : 'હાઉઝી તથા લક્કી ડ્રૉ' – 'રંગોળી તથા આરતી સ્પર્ધા' | ★ |
| • બોટાદ | : ૨૯-૦૮-૦૯ | ઑરકેસ્ટ્રા : 'સંગીત કે સુનહરે પલ' | ★ |
| • ભાંડુપ-વિક્રોલી | : ૧૪-૧૦-૦૯ | સાંસ્કૃતિક : 'રજવાડી ડાયરો' | ★ |
| • બીચસાઈડ | : ૦૯-૧૦-૦૯ | નાટક : 'મારે જાવું પેલે પાર' | ★ |
| • ચેમ્બુર | : ૦૫-૧૦-૦૯ | ઑરકેસ્ટ્રા : 'તાલ સે તાલ મિલા' | ★ |
| • દાદર | : ૦૫-૧૦-૦૯ | નાટક : 'જોડે રેજો રાજ' | ✉ |
| | ૨૬-૧૦-૦૯ | નાટક : 'એક છોકરી સાવ અનોખી' | ✉ |
| • જેમ્ જગડુશા | : ૦૬-૧૦-૦૯ | નાટક : 'જોડે રેજો રાજ' | ✉ |
| | ૦૮-૧૦-૦૯ | હસાયરો : 'લાફ્ટર સર્કસ' | ✉ |
| | ૨૨-૧૦-૦૯ | મુવી : 'ઑલ ધી બેસ્ટ' | ✉ |
| • જૂનાગઢ | : ૦૬-૧૦-૦૯ | રાસ-ગરબા : 'શરદોત્સવ નિમિત્તે મહેફિલ' | ▲ |
| • જુહુ | : ૧૪-૧૦-૦૯ | સંગીત-ગીત : 'રોશની – મ્યુઝિકલ શો' | ★ |
| | ૧૮-૧૦-૦૯ | મુવી : 'બ્લ્યુ' | ✉ |
| | ૨૫-૧૦-૦૯ | નાટક : 'જય હો જમનાદાસ' | ✉ |
| • જુહુ બીચ | : ૧૨-૧૦-૦૯ | નાટક : 'મારે જાવું પેલે પાર' | ★ |
| • કાંદિવલી | : ૧૧-૧૦-૦૯ | ધમાલ : '૨૦ વર્ષની ઉજવણી નિમિત્તે ગીત-સંગીત-ગૅમ્સ – D.J.ના તાલ' | ★ |
| | ૨૮-૧૦-૦૯ | પ્રહસન : 'આ કોકિલાનું કંઈક કરો' | ★ |
| • લે. વિં. મુંબઈ સેન્ટ્રલ | : ૦૬-૧૦-૦૯ | ગૅમ શો : 'વન મિનિટ ગૅમ' – સેન્ટરના સભ્યો વડે | ★ |
| • મુંબઈ | : ૧૦-૧૦-૦૯ | ગૅમ શો : 'ગૅમ સલાડ' | ★ |
| • મુલુંડ | : ૩૦-૧૦-૦૯ | પ્રહસન : 'જેનું ખીસું ગરમ એની સામે સૌ નરમ' | ★ |
| • નવી મુંબઈ | : ૦૪-૧૦-૦૯ | હસાયરો : 'હાસ્ય દરબાર' – કિરીટ વ્યાસ-મહેશ દુબે પ્રસ્તુત | ✉ |
| • નોર્થ ઈસ્ટ | : ૦૧-૧૦-૦૯ | નાટક : 'જોડે રેજો રાજ' | ✉ |
| | ૦૮-૧૦-૦૯ | હસાયરો : 'લાફ્ટર સર્કસ' | ✉ |
| | ૧૧-૧૦-૦૯ | વશીકરણ : 'પ્રોફ. મનોહર નાયકનો હિપ્નોટિઝમ શો' | ★ |
| | ૨૧-૧૦-૦૯ | મુવી : 'ઑલ ધી બેસ્ટ' | ✉ |
| • પુણે મેઈન | : ૨૬-૦૯-૦૯ | હસાયરો : 'હાસ્યમેવ જયતે' | ✉ |
| | ૦૮-૧૦-૦૯ | ઑરકેસ્ટ્રા : 'શરદોત્સવ નિમિત્તે લોક-સુગમ સંગીત' | ★ |

| | | | |
|---|---|---|---|
| • રાજાવાડી | : ૦૮-૧૦-૦૯ | હસાયરો : 'લાફ્ટર સર્કસ' | ✉ |
| | ૨૦-૧૦-૦૯ | મુવી : ' ? ' | ✉ |
| | ૨૩-૧૦-૦૯ | નાટક : 'જોડે રેજો રાજ' | ✉ |
| | ૨૮-૧૦-૦૯ | નાટક : 'લાલો લાભ વગર લોટે નહીં' | ✉ |
| • શિવાજી પાર્ક | : ૦૬-૧૦-૦૯ | નાટક : 'લજ્જા તને મારા સમ' | ✉ |
| • સી સાઇડ | : ૦૫-૧૦-૦૯ | નાટક : 'મારે જાવું પેલે પાર' | ★ |
| • સાયન-માટુંગા | : ૨૫-૧૦-૦૯ | મુવી : 'ઑલ ધી બેસ્ટ' | ✉ |
| • વિલે પાર્લે | : ૦૨-૧૦-૦૯ | હરીફાઇ : 'વાનગી સ્પર્ધા' | ▲ |
| | ૦૪-૧૦-૦૯ | નાટક : 'જોડે રેજો રાજ' | ✉ |
| | ૦૬-૧૦-૦૯ | સંગીત-ગીત : 'સૂર ઝંકાર' | ✉ |
| • વાશી | : ૧૮-૧૦-૦૯ | ગીત-સંગીત : 'ઑરકેસ્ટ્રા – કપૂર સે કપૂર તક' | ✉ |

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲

# પ્રવાસ–પિકનિક–પર્યટન

| જે.જે.સી. | પ્રવાસ સ્થળ | તારીખ | ચાર્જિસ |
|---|---|---|---|
| ★ નોર્થ ઈસ્ટ | કોલ્હાપુર – કુંભોજગીરી યાત્રા | તા. ૦૫-૦૨-૧૦ થી ૦૮-૦૨-૧૦ સુધી | રૂા. ૭૦૦/- |
| ★ મલાડ | ટ્રીટ રિસોર્ટ – સેલ્વાસા | તા. ૧૩-૧૧-૦૯ થી ૧૫-૧૧-૦૯ | રૂા. ૭૨૦૦/- (બસ પૅકેજ) |


## વગર દવાએ સરળ ઉપચારથી રજવાડી ઠાઠથી જીવવાની કળા

હાર્ટના બ્લોકેજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પૉંડીલાઈસીસ • ઘૂંટણનો દુ:ખાવો • માઈગ્રેન • ડિપ્રેસન અન્ય રોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈ પણ જાતની દવા આપ્યા વગર તેમ જ **આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફક્ત બાહરી ઉપચાર, કોઈ પણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની ઓલ્ટરનેટિવ થેરાપીનો ઉપયોગ કરી • મેરિડિયન મસાજ થેરાપી • એક્યુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બુંહાગ ઇન્સ્ટ્રુમેન્ટ બધી મેરિડિયનોલૉજી પર આધારિત તેમ જ નેચરોપેથી થેરાપીના નિષ્ણાત**

આપના ઘરે આવીને સચોટ ઈલાજ કરવામાં આવશે

**રાજેન્દ્ર શામજી શાહ** (સિનિયર થેરાપિસ્ટ)

લાઈફ મેમ્બર • જૈન ડૉક્ટર્સ ફેડરેશન, મુંબઈ

• ઈંડિયન ફોરમ ફોર ઓલ્ટરનેટિવ મેડિસિન અને હોલિસ્ટિક હેલ્થ સાયન્સીસ, મુંબઈ

*One should not forget that all therapies in the universe have Limitations.*

**RAAJENDRA SHAMJI SHAH (Sr. Therapist)**

B.Sc., N.S., D.M.M., D.P.T., D.M.T., C.C.M.

R. No. 18, Bhoj Mahal, 1st Floor, Tejookaya Park, 545 Dr. B. Ambedkar Road, Matunga (East), Mumbai - 400 019. • **Mob.: 9820002953 Tel.: (R) 24121234**

## અન્ય કાર્યક્રમ

■ **જે.જે.સી. - બોટાદ:** ત્રિવેણી કાર્યક્રમ અંતર્ગત શનિવાર, તા. ૧૦ ઑક્ટોબર, ૨૦૦૯ના રોજ તેજસ્વી વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન, તપસ્વીની અનુમોદના અને મલ્ટીપ્લેક્સના પ્રાંગણમાં પ્રેમ ઑરકેસ્ટ્રા સંગ સંગીતની મહેફિલના ધમાકેદાર કાર્યક્રમનું આયોજન સેન્ટરના સભ્યો માટે કર્યું. ઉપરાંત આજુબાજુનાં સેન્ટર જે.જે.સી.-રાણપુર, વિંછિયા, પાળિયાદ તથા ગઢડા વગેરે સેન્ટરોને પણ આમંત્રી સહભાગી બનાવ્યાં. સેન્ટ્રલ બોર્ડમાંથી વાઈસ ચૅરમૅન શ્રી પ્રફુલ્લભાઈ શાહ પધારેલા.

## શરદોત્સવ

■ **જે.જે.સી. - કાંદિવલી:** શરદોત્સવ નિમિત્તે રવિવાર, તા. ૧૧-૧૦-૨૦૦૯ના રોજ સેન્ટરના ૨૦ વર્ષની ઉજવણીરૂપે એકબીજાને શુભેચ્છા પાઠવતાં ગીતોના ગુંજારવ સાથે વિવિધ ગૅમ રમતાંરમતાં D.J. મ્યુઝિકના તાલ પર ઝૂમીને ચૌવિહાર કરીને સભ્યોએ અનેરો આનંદ માણ્યો.

■ **જે.જે.સી. - સુરેન્દ્રનગર:** શરદોત્સવ નિમિત્તે રવિવાર, તા. ૪-૧૦-૨૦૦૯ના રોજ સભ્યોએ ફાસ્ટ ફૂડ ડીનર લીધા બાદ રાસગરબાની રમઝટ બોલાવી અને સેન્ટર તરફથી આપવામાં આવેલ આકર્ષક ઈનામો જીત્યાં. છેલ્લે હાઉઝી ગૅમ રમ્યા જેમાં નહીં ધારેલાં બમ્પર ઈનામોની લહાણી થઈ.

■ **જે.જે.સી. - સયાજીનગરી:** તા. ૨-૧૦-૨૦૦૯ ને શુક્રવારની રાત્રી, આફ્ટર નવરાત્રી, કલાનગરીના સભ્યો માટે વાઈબ્રન્ટ પુરવાર થઈ. હળવા નાસ્તા સાથેનો આ કાર્યક્રમ – વાઈબ્રન્ટ ગરબા-૨૦૦૯ના નામે પ્રખ્યાત થયો. સપ્તક ગ્રુપે ગરબાની રમઝટ બોલાવી. સાથે રમાડ્યા સેન્ટરના સૌ આબાલવૃદ્ધ સભ્યોને અને સેન્ટરે પણ ઈનામોની લહાણી પીરસી.

■ **જે.જે.સી. - નખત્રાણા:** તા. ૧૮-૧૦-૨૦૦૯ ને રવિવારના રોજ સેન્ટર દ્વારા આયોજિત એક પિકનિકમાં ૭૦ સભ્યો નજીકમાં આવેલ દેવપર ગંગા ગયેલ. ઘણા સમય બાદ થયેલ આ આયોજનમાં સભ્યોએ વિવિધ ગૅમ, ક્વીઝ રમી, સમૂહમાં ભોજન લઈ સર્વત્ર આનંદ કર્યો. વિજેતાઓને ઈનામથી નવાજ્યા. (પ્રમુખસાહેબ તમારી ઇચ્છા પૂરી થઈ ?)

## સમાચાર

### મહારાષ્ટ્રનાં ટ્રસ્ટોની તરફેણમાં મુંબઈ હાઈ કોર્ટનો મહત્ત્વનો ચુકાદો

મહારાષ્ટ્રનાં પાંચ લાખ જેટલાં ધર્માદા ટ્રસ્ટો અને ધાર્મિક ટ્રસ્ટોની તરફેણમાં તાજેતરમાં મુંબઈ હાઈ કોર્ટે એક મહત્ત્વનો ચુકાદો આપેલ છે. હાલમાં ધર્માદા આયુક્ત આ ટ્રસ્ટો પાસેથી વહીવટી ફંડ માટે ૨%ના દરે સેસ વસૂલ કરે છે. કોઈ પણ જાતની તપાસ કર્યા વિના કે ઊંડા ઊતર્યા વિના ટ્રસ્ટોને ૨% ભરી દેવા જણાવવામાં આવે છે અને ટ્રસ્ટોના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ પણ તે ભરી દેવાનો આગ્રહ સેવે છે. કુ. નિધિ હિંમતલાલ ગાંધીએ નેટ પર સર્ચ કરતાં શોધી કાઢ્યું કે છેક ૧૯૭૨માં સુપ્રીમ કોર્ટે ચૅરિટી કમિશનર અને મહારાષ્ટ્ર સરકારની વિરુદ્ધ ચુકાદો આપેલ છે. ત્યાર બાદ શ્રી હિંમતભાઈ ગાંધીએ RI Act અન્વયે શોધી કાઢ્યું કે ચૅરિટી કમિશનર મર્યાદા કરતાં વધારે સેસ ઉઘરાવે છે, જે એક ગંભીર બાબત છે. શ્રી હિંમતભાઈએ રિટ પિટિશન દાખલ કરેલ. નામદાર હાઈ કોર્ટની ખંડપીઠે તેમના મહત્ત્વના ચુકાદામાં આદેશ આપેલ છે કે ધર્માદા આયુક્તે અત્યાર સુધી ઉઘરાવેલા રૂા. ૨૪૯ કરોડ ખર્ચ પેટે વપરાઈ ન જાય ત્યાં સુધી સેસ વસૂલ કરવા નહીં. કદાચ આવતાં અમુક વર્ષ સુધી ધર્માદા ટ્રસ્ટોએ સેસ ભરવો ન પણ પડે.

શ્રી હિંમતભાઈ ગાંધી જૈન સમાજના અગ્રણી હિતચિંતક છે. આ બાબત વધુ માહિતી મેળવવા માટે તેમનો સંપર્ક નીચેના સ્થળે Appointment લઈને કરવો. શ્રી હિંમત એસ. ગાંધી, ૪૦૪, સુંદર ટાવર, ટી. જે. રોડ, શિવરી, મુંબઈ-૧૫. મોબાઈલ: ૦૯૩૨૩૩૩૧૪૯૩.

(Abstract from the Press not by Shri Himatbhai)

## સગપણ માહિતી કેન્દ્ર

જૈન જાગૃતિ સેન્ટર પરિવાર દ્વારા સમાજને ઉપયોગી થતા સગપણ માહિતી કેન્દ્ર છેલ્લા કેટલાક સમયથી સફળતાપૂર્વક ચલાવવામાં આવે છે.

★ **જૈન સગપણ માહિતી કેન્દ્ર : જૈન જાગૃતિ સેન્ટર-સુરેન્દ્રનગર**
મેઈન રોડ, સટ્ટા હૉલ પાસે, સુરેન્દ્રનગર.
સમય : દર રવિવારે સવારે ૯.૦૦ થી ૧.૦૦

★ **જૈન સગપણ માહિતી કેન્દ્ર : જૈન જાગૃતિ સેન્ટર-કાંદિવલી**
(પ્રેરક શ્રી કિરીટભાઈ ભાઈલાલ શાહ પરિવાર)
શોપ નં. ૯, સાંઈરાજ ગાર્ડન, હેમુ કલાની રોડ નં.૩,
ઈરાની વાડી, મોદી પાર્કની સામે, કાંદિવલી (પશ્ચિમ),
મુંબઈ – ૪૦૦ ૦૬૭. ફોન: ૨૮૬૬ ૦૧૬૯
સમય: દર ગુરુવારે સાંજે ૫.૦૦ થી ૭.૦૦ કલાકે
દર રવિવારે સાંજે ૪.૦૦ થી ૭.૦૦ કલાકે

(નોંધ: લગભગ ૬૪૮ યુવક-યુવતીના બાયોડેટા રજિસ્ટર થઈ ચૂક્યા છે.)

# ફોટો ફાઈલ

## લેડિઝ વિંગ મહેસાણા આયોજિત સ્નેહકુંજ-૨૦૦૯ના યાદગાર ક્લીપ્સ



મંચ પર બિરાજેલ જે.જે.સી.-ઉત્તરગુજરાતના પ્રમુખશ્રીઓ



મંચ પર બિરાજમાન જે.જે.સી.-લે. વિં.નાં પ્રમુખશ્રીઓ




ચૅરમૅન શ્રી જિતુભાઈનું ઉષ્માભર્યું સ્વાગત

## યુવામેળા





જૈન જાગૃતિ સેન્ટર-અંકલેશ્વર દ્વારા આયોજિત અપરિણિત યુવક-યુવતી પરિચય મેળા-૨૦૦૯નું દબદબાભેર આયોજન સંપૂર્ણ રહ્યું હતું. સેન્ટ્રલ બોર્ડના ચૅરમૅન શ્રી જિતેન્દ્ર કોઠારીએ મેળાનું ઉદ્‌ઘાટન કર્યા બાદ મેળાનાં યુવક-યુવતી સંપૂર્ણ બાયોડેટા બુકનું વિમોચન તેમની સાથે સેન્ટ્રલ બોર્ડના અન્ય પદાધિકારીઓ સર્વેશ્રી રમેશ મોરબિયા, દિનેશભાઈએ કર્યું. આ મેળામાં ૪૩૦ યુવક-યુવતીએ ભાગ લીધો તે જ મેળાની સફળતા દર્શાવે છે. આ મેળાને અંકલેશ્વરના ધર્મવીર શ્રી અનોખીલાલજી ધોકા તથા શ્રી મુકેશકુમાર ગુગલિયા તથા લક્ષ્મીલાલજી નાહરના આશીર્વાદ સાંપડ્યા.

સેન્ટરના બીજા જ વર્ષમાં આવો સુંદર સામાજિક કાર્યક્રમ કરવા બદલ સેન્ટ્રલ બોર્ડના અભિનંદન.

# શ્રી જયંતભાઈ 'રાહી'ના વિરાટ ભાષ્ય નવકાર જાપનું અનુષ્ઠાન

## વિશ્વ નવકાર વર્ષ – ૨૦૦૯

જૈનો જે મહામંત્રને
શક્તિનો જબરદસ્ત સ્રોત, પ્રેરણાનો મહાસાગર પાને છે
એ મહામંત્રનું નામ છે ''**નવકાર મહામંત્ર**''
જૈન પ્રણાલિકા મુજબ આ મંત્ર અનાદિ ગણાય છે.

**નવકાર મહામંત્રનું અર્થઘટન**

**નમો અરિહંતાણમ્**

અરિ એટલે દુશ્મન, હંતાણમ્ એટલે વિનાશ કરનાર
આમ મહામંત્રનું પહેલું પદ દુશ્મનનો નાશ કરે છે.

**નમો સિદ્ધાણમ્**

મોક્ષ પામેલા સિદ્ધ ભગવંતોને નમન

**નમો આયરિયાણમ્**

આચાર્ય ભગવંતો જેઓ સુખનો માર્ગ સૂચવે છે
તેમને નમન

**નમો ઉવજ્ઝાયાણમ્**

ઉપાધ્યાય ભગવંતો જેઓ આગમનું અધિક જ્ઞાન ધરાવે છે
તેમને નમન

**નમો લોએ સવ્વ સાહૂણમ્**

સાંસરિક જીવનને ત્યજી ધર્મને
આચરનારાં તમામ સાધુ-સાધ્વીઓને નમન

**એસો પંચ નમુક્કારો, સવ્વપાવપણાસણો,**
**મંગલાણંચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલમ્**

આ પાંચ નમસ્કારોનો સંપુટ સર્વે પાપોને નષ્ટ કરનારો છે
અને તમામ મંગળ મંત્રોમાં શ્રેષ્ઠ છે.

**નમો એટલે સમર્પિત થવાની ક્રિયા,**
**નમો એટલે સર્વ પ્રત્યે ખુલ્લું હૃદય**

આમ મંત્રના શબ્દો વાંચતાં જ સમજાશે કે એ શબ્દોના અર્થ ફક્ત એક જ વ્યક્તિને ન પૂજતા આખા વિશ્વને આવરી લે છે તેમ જ બિનસાંપ્રદાયિક છે. આ મંત્ર દ્વારા વંદના કરવામાં આવી છે એ પરમપુરુષો – અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને ''પંચપમરેષ્ઠી'' તરીકે વર્ણવામાં આવે છે. નવકાર મંત્રનું શ્રવણ કરવાથી સત્કર્મોનું ભાથું બંધાય છે અને સામૂહિક જાપ કરવાથી વાતાવરણ અને આત્માનું શુદ્ધિકરણ થાય છે. તો આ પવિત્ર માર્ગને અપનાવતાં વિશ્વ નવકાર વર્ષ ૨૦૦૯માં બૃહદ મુંબઈ પંચ પરમેષ્ઠી પરિવાર સંસ્થા તથા ઘાટકોપર-ચેમ્બુરના સમસ્ત જૈન સંઘો દ્વારા આયોજિત શ્રી જયંતભાઈ 'રાહી'ના વિરાટ ભાષ્ય નવકાર જાનું અનુષ્ઠાન.

આપને વિદિત કરવાનું કે વર્ષ ૨૦૦૯ને વિશ્વ નવકાર વર્ષનું નામકરણ કરવામાં આવેલ છે અને તેની ઉજવણીરૂપે જ્યાં જ્યાં જૈન સમાજનો વસવાટ છે ત્યાં ત્યાં સમગ્ર વિશ્વને આવરી લેતા આપણા અનાદિ મંત્રના જાપનું આયોજન કરી સામૂહિક રીતે વાતાવરણ અને આત્માનું શુદ્ધિકરણ કરવું ખૂબ જ મહત્ત્વનું છે.

ઘાટકોપર-ચેમ્બુરના સકળ જૈન સંઘો તથા સંસ્થાઓ દ્વારા જૈનોના ચારેય ફિરકાઓને આવરી લઈ પૂ. શ્રી જયંતભાઈ ''રાહી'' સંગે બૃહ્ મુંબઈ પંચપરમેષ્ઠી પરિવારના સંગાથે રવિવાર, તા. ૨૭-૧૨-૨૦૦૯ના રોજ સવારે ૭.૩૦ થી ૦૯.૩૦ દરમિયાન નવકાર જાપ અનુષ્ઠાનનું આયોજન પોલીસ પરેડ ગ્રાઉન્ડ, કુકરેજા પૅલેસની પાછળ, વલ્લભબાગ એક્સટેન્શન, ઘાટકોપર (પૂર્વ) ખાતે નિર્ધારેલ છે.

આ આયોજનમાં આપના સંઘ/સંસ્થાને જોડાવા માટે ભાવભર્યું નિમંત્રણ છે જેનો સહર્ષ સ્વીકાર કરશો અને પ્રત્યુત્તરરૂપે ઉપર જણાવેલ સરનામે પત્ર દ્વારા અથવા નીચે જણાવેલ મોબાઈલ પર અનુમોદન આપવા નમ્ર વિનંતી.

**શ્રી રમેશભાઈ મોરબિયા**

**મો.: ૯૮૬૯૦૫૧૪૯૨ / ૯૩૨૩૯૨૫૪૨૦**

ત.ક.: નવકાર મહામંત્રના જાપ બાદ નવકારશીની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

# અંકશાસ્ત્ર

ગતાંકથી ચાલુ...

**અંક : ૭**

**તા. ૭ – ૧૬ – ૨૫**

આ અંકમાં જન્મેલ જાતકનું દૃષ્ટિબિંદુ 'પૉઝિટિવ સાઈડ' (હકારાત્મક)વાળું હોય છે અને તેથી જ વ્યર્થ જણાતી ચીજોમાંથી પણ તેઓ સાર ખેંચી શકે છે. અર્થાત્ અવનવા ઉપયોગમાં લઈ શકે છે. આત્મશક્તિ પ્રબળ હોય છે. સાહસિક અને ઘણા હિંમતવાન હોય છે. પ્રવાસનો શોખ હોય, સારા કવિ, સારા વાર્તાલેખક, પત્રકાર, ચિત્રકાર અને શિલ્પકાર થઈ શકે છે અને તેવા કામમાં તેમને તેઓ ઉત્તેજન પણ આપે છે. જડવાદ તેમને દબાવી શકતો નથી, તોપણ અપૂર્વ યોજકબુદ્ધિથી અને પોતાની આગવી ગૂઢશક્તિથી એટલે કે મજબૂત મનોબળથી ધનવાન થાય છે. જીવનની ગહન બાબતો પ્રત્યે ખાસ આકર્ષિત રહે છે. આ લોકો સારા જાદુગર અને સામાના વિચારો જાણવાની વિદ્યાવાળા અને કોઠાસૂઝવાળા હોય છે.

★ ગુણ : દૃઢ આત્મવિશ્વાસ, હિંમત, સાહસ, ધૈર્ય, ધર્મભીરૂ, દયાળુ, પરોપકારી, કલ્પનાપ્રેમી, કવિ, નવલકથાકાર, સૌંદર્યપ્રેમી, મિત્રોને મદદકર્તા, પ્રતિભાસંપન્ન, મધુર વર્તન કરનાર, ન્યાયના આગ્રહી, ઊંડો સાહિત્યપ્રેમ, માખણ જેવું મુલાયમ હૃદય, જે બીજાના દુઃખથી દ્રવી જાય. કદાપિ દગો ન કરનાર, બીજાના મનની વાત કળી શકે તેવી પ્રબળ આંતરિક શક્તિ, સ્પષ્ટ વક્તા.

★ અનુકૂળ દિવસ : રવિ, સોમ, બુધવાર

★ શુભ તારીખ : ૭, ૧૬, ૨૫ તથા ૧, ૧૦, ૧૯ અને ૨૮ તેમ જ ૪, ૧૩, ૨૨, ૩૧

★ શુભ માસ : જૂન, જુલાઈ, જાન્યુઆરી તથા ઑક્ટોબર

★ પ્રતિકૂળ માસ : ફેબ્રુઆરી, ઑગસ્ટ

★ શુભ વર્ષ : ઉમ્મર વર્ષ – ૧૬, ૨૫, ૩૪, ૪૩, ૫૨, ૬૧, ૭૦, ૭૯ તથા ૧૯, ૨૮, ૩૭, ૪૬, ૫૫, ૬૪, ૭૩ તથા ૨૦, ૨૯, ૩૮, ૪૭, ૫૬, ૬૫, ૭૪ આ સિવાય ૨, ૧૧, ૨૦, ૨૯, ૩૮, ૪૭, ૫૬, ૬૫, ૭૪ તથા ૪, ૧૩, ૨૨, ૩૧, ૪૦, ૪૯, ૫૮, ૬૭, ૭૬ વર્ષ શુભ ફળપ્રદ છે.

★ શુભ રંગ : આછો પીળો, સફેદ, ગુલાબી,

★ અશુભ રંગ : ઘેરો લાલ

★ ભાગ્યોદય દિશા : દક્ષિણ/પૂર્વ અને ઉત્તર/પૂર્વ

★ સંભવિત દર્દો : શરદી, ન્યૂમોનિયા, ફેફસાંનાં દર્દો, વગેરેની તકલીફ થાય. ઉંમર વર્ષ ૭, ૧૬, ૨૫, ૩૪, ૪૩, ૫૨, ૬૧, ૭૦ દરમિયાન સ્વાસ્થ્યની ઉચિત કાળજી રાખવી જરૂરી છે.

ફેબ્રુઆરી, જુલાઈ અને ઑગસ્ટમાં સાધારણ બીમારી આવે.

★ નીચેની બાબતોમાં ખાસ સાવધાની રાખવી.

૧) અતિશય લાગણીશીલ કે અતિશય ઉતાવળિયા ન બનવું.
૨) સ્ત્રીમિત્રો ઘણા થાય, પરંતુ મન પર અંકુશ રાખવો તમારા હિતમાં છે.
૩) સમયના સદુપયોગ તરફ ખાસ ધ્યાન રાખશો તો તમારી ઉન્નતિને ચાર ચાંદ લાગી જશે.

*(ક્રમશઃ)*

■ **રાગિણી આશિષ શાહ** (જે.જે.સી.-કાંદિવલી)



# સાવધાન



જે.જે.સી.માં ક્રિકેટ જ્વર ત્રાટકવાની તૈયારીમાં છે. તેને આવકારવા સેન્ટ્રલ બોર્ડ બધી જ તૈયારી કરી રહ્યું છે. વિગતવાર કાર્યક્રમ તથા નિયમો વિશે હવે પછી જણાવવામાં આવશે.

અનુરોધ છે કે મુંબઈનાં દરેક સેન્ટર્સ આ Inter Centre Cricket Tournament-2010માં ઉમળકાભેર ભાગ લે. Tournament મુંબઈમાં જ રમાવાની છે તે ધ્યાનમાં રાખી અન્ય સેન્ટરો પણ અનુકૂળતા હોય તો ભાગ લઈ શકે છે. અગાઉથી સેન્ટ્રલ બોર્ડને જાણ કરવાની જરૂર છે.

**આયોજિત ટુર્નામેન્ટની**

**તા. ૩૦ અને ૩૧ જાન્યુઆરી ૨૦૧૦**

દરેક સેન્ટર પ્રૅક્ટિસ ચાલુ કરી દે તેમ સેન્ટ્રલ બોર્ડનો આગ્રહ છે. મુંબઈની બન્ને લેડીઝ વિંગને પણ આહ્વાન છે કે તેઓ પણ આ ટુર્નામેન્ટમાં ભાગ લે.

સર્વે કૉ-ઑર્ડિનેટરને આ સાથે વિનંતી કરવામાં આવે છે કે તેઓ પણ પોતપોતાના Areaમાં આ પ્રકારની ટુર્નામેન્ટનું આયોજન કરે.

■ **સેન્ટ્રલ બોર્ડ**




(પ્રેરક કથા)

# જૈન જ્યોતિર્ધર વીરચંદ રાઘવજી ગાંધી

■ ગુણવંત બરવાળિયા

કાળની સ્મરણમંજૂષામાંથી એક પવિત્ર પૃષ્ઠ બહાર આવ્યું જેમાં એક પ્રેરક જીવન અંકિત છે. ઇ.સ. ૧૮૯૩ની અગિયારમી સપ્ટમ્બરે ચિકાગો (અમેરિકા)માં વિશ્વ ધર્મ પિરષદ મળેલી એમાં જેમણે જૈન ધર્મનું પ્રતિનિધિત્વ કરેલું તે વીરચંદ રાઘવજી ગાંધીનું જીવનકવન.

આ પરિષદમાં હિંદુ ધર્મના પ્રતિનિધિ તરીકે સ્વામી વિવેકાનંદ, અલાહાબાદના ડૉ. જ્ઞાનેન્દ્રનાથ ચક્રવર્તી, પી. સી. મજુમદાર, પુનાના સોરાબજી, બ્રહ્મોસમાજના શ્રી નગરકર, સિલોનથી બૌદ્ધ ધર્મના સી. ધર્મપાલ ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્રના દક્ષિણે ગોહિલવાડ પંથકના ભાવનગર શહેરથી સો કિલોમીટર દૂર પ્રાચીન મધુમતી (હાલ મહુવા) શહેર આવેલું છે. મહાન દાનવીર જાવડશા ભાવડશાની હૈયાની કંકાવટીમાં આ ભૂમિનો રંગ ઘોળાયેલો, હિન્દુ ભજનોના રચયિતા મુસ્લિમ સંત વલી, સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રાગજી ભગત, ગુજરાતી સાહિત્યના 'મસ્ત કવિ' કવિ હરગોવિંદ પ્રેમશંકર, વિવેચક 'જટિલ', શાસનસમ્રાટ વિજય નેમિસૂરિશ્વરજી મ.સા., વિજય ધર્મસૂરિશ્વરજી મહારાજ અને કુમારપાળના સમકાલીન જગડુશા આ વીરભૂમિના સંતાન હતા.

ધર્મપ્રિય સમાજસુધારક રાઘવજીભાઈ ગાંધી પોતાના ઘરનું સમારકામ કરાવતા હતા તે વખતે જમીનમાંથી પાર્શ્વનાથ ભગવાનની દિવ્ય પ્રતિમા પ્રાપ્ત થઈ. જાણે ભાવિમાં દિવ્ય પુરુષના અવતરણનો પવિત્ર સંકેત અને ટૂંક સમયમાં જ રાઘવજીભાઈના સહધર્મચારિણી માનબાઈની કૂખે ૧૯૨૦ના શ્રાવણ વદ ૮, ૨૫ ઑગસ્ટ, ૧૮૬૪ના વીરચંદ ગાંધીનો જન્મ થયો. ૧૮૭૯માં લગ્નગ્રંથિથી જોડાયા ત્યાર બાદ ભાવનગરમાં ૧૬ વર્ષની ઉંમરે તેઓ મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં રાજ્યમાં પ્રથમ સ્થાને આવ્યા. ૧૯૮૪માં માત્ર ૨૦ વર્ષની ઉંમરે મુંબઈની એલ્ફિસ્ટન કૉલેજ દ્વારા બી.એ. ઑનર્સ થયા અને જૈન સમાજના પ્રથમ સ્નાતક થવાનું માન મળ્યું. ૧૮૮૫માં સૉલિસિટરના અભ્યાસ અર્થે મેસર્સ લિટસ, સ્મિથ ફ્રેઅરમાં આર્ટિકલ તરીકે જોડાયા. પાછળથી ગ્રે ઈન ઇન્સ્ટિટ્યૂટ લંડન દ્વારા તેઓએ બાર-એટ-લૉ પૂર્ણ કર્યું.

તે સમયે પાલિતાણાના ઠાકોરસાહેબ સાથે શત્રુંજય તીર્થ સંબંધે મતભેદ થયેલો. જૈનોને સંગઠિત કરવા ટ્રસ્ટ, ફંડ અને ધર્માદા ખાતાની દેખરેખ રાખવા, પશુવધ અટકાવવા, તીર્થસ્થાનકોમાં યાત્રિકોને પડતી મુશ્કેલી દૂર કરવા ૧૮૮૪માં વીરચંદ ગાંધીના મંત્રીપદે જૈન ઍસોસિયેશન ઑફ ઇન્ડિયાની સ્થાપના થઈ. ૧૮૯૩ના સપ્ટેમ્બરમાં ચિકાગોમાં વિશ્વ ધર્મ પરિષદ મળવાની હતી. જુદાજુદા ધર્મોનું વિશ્વને જ્ઞાન આપવું, સર્વધર્મોના અનુયાયીઓમાં ભાતૃભાવ અને સ્નેહ પ્રગટાવવાનો ઉદ્દેશ પરિષદનો હતો, પરંતુ આયોજકોનો હેતુ વિવિધ ધર્મના પ્રતિનિધિઓ સમક્ષ ખ્રિસ્તી ધર્મનો પ્રભાવ દર્શાવી તેની ઉચ્ચતા સિદ્ધ કરી વિશ્વભરમાં તેનો પ્રસાર કરવાનો હતો.

પરિષદમાં જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે ભાગ લેવા પૂ. આત્મારામજી (પૂ. આચાર્ય વિજયાનંદસૂરિ) મહારાજને નિમંત્રણ મળ્યું. જૈન સાધુની સમાચારીને કારણે તેઓ પ્રવાસ કરી પરદેશ ન આવી શકે તેમ દિલગીરી સાથે જણાવતાં તેમણે જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને લગતું લખાણ 'ચિકાગો પ્રશ્નોત્તર' નામે તૈયાર કરી મોકલ્યું. પરિષદના સંચાલકો આ લખાણથી એટલા પ્રભાવિત થયા કે તેમણે આચાર્યશ્રીને પ્રતિનિધિ મોકલવાનો આગ્રહ કર્યો. પરિણામે વીરચંદભાઈ ગાંધીની પસંદગી થઈ. પૂ. આત્મારામજી પાસે તેમણે છ માસ રહી જૈન ધર્મના ઊંડાણભર્યા તત્ત્વજ્ઞાનનું તપસ્પર્શી જ્ઞાન મેળવી લીધું. પૂ. આત્મારામજી મહારાજે તેમને શ્રાવકાચારને શોભે તેવો પહેરવેશ અને જીવનચર્યા અપનાવવાની આજ્ઞા આપી. રસોઈ માટે સાથે વિશ્વવિખ્યાત જાદુગર મહુવાના વતની પ્રો. નથુ મંછાચંદને લીધા. અલગ રસોઈ કરવાની પરવાનગી સાથે તેઓ સ્ટીમરમાં 'આસામ' જવા રવાના થયા.

એ સમય હતો જ્યારે અંગ્રેજ સરકારની ગુલામીની બેડીમાં જકડાયેલા આ દેશને પશ્ચિમના લોકો ઘૃણા, તિરસ્કાર અને ઉપેક્ષાની નજરે જોતા. 'મંદિરો, કોબ્રા, વાઘ અને રાજા-મહારાજાના દેશ' તરીકે લોકો ઓળખતા અને અહીં ગંદકી, ગરીબી અને અંધશ્રદ્ધા છે તેવો જ પ્રચાર કરતા.

આ પરિષદમાં આવેલા ભારતના બે પ્રતિનિધિઓ સ્વામી વિવેકાનંદ અને વીરચંદ ગાંધીએ ભારતભૂમિ સર્વ-સંસ્કૃતિઓનું પારણું છે, જગવંદ્ય ભારતભૂમિ ધર્મ અને અધ્યાત્મનું પિયર છે એ વાતને ચરિતાર્થ કરવાનો સમ્યક્ પુરુષાર્થ કર્યો.

સોનેરી કિનખાબની કિનારીવાળી કાઠિયાવાડી પાઘડી, લાંબો ઝભ્ભો, ખભે ધોતી, શાલ અને અણિયાળા જોડા એ ભારતીય પરંપરાગત પહેરવેશથી શોભતા ઓગણત્રીશ વર્ષના યુવાન વીરચંદ ગાંધીની વિદ્વતાભરી તટસ્થવૃત્તિથી સભર

આકંઠ સરસ્વતીનું પાન વિશ્વ ધર્મ પરિષદના ચાર હજાર શ્રોતાઓએ મંત્રમુગ્ધ બની કર્યું.

અમેરિકન અખબારે નોંધ્યું હતું કે પૌવાર્ત્ય પંડિતોમાંથી જૈન યુવકે જૈનદર્શન નીતિ અને તત્ત્વજ્ઞાન સંબંધી આપેલ ભાષણ શ્રોતાઓએ જે રસથી સાંભળ્યું તે કરતાં વધારે રસથી કોઈ પણ પૂર્વના વિદ્વાનનું સાંભળ્યું ન હતું.

વીરચંદ ગાંધીનું જૈન ધર્મ પરનું પ્રવચન અમેરિકાના કેટલાંક વર્તમાનપત્રોએ અક્ષરશઃ પ્રગટ કર્યું.

દક્ષિણ ભારતનાં મંદિરોમાં ગાનારીઓ ગણિકા હતી. એ વિષે લંડનના પ્રતિનિધિ રેવરન્ડ પેન્ટેકોસ્ટની ટીકાનો પ્રત્યુત્તર આપતાં તેમણે જણાવ્યું કે કેટલીક દેવદાસીઓ પૈકીની ગાવાવાળી સ્ત્રીઓ શંકાસ્પદ ચારિત્ર ધરાવે છે એ હિન્દુ સમાજને દૂષણરૂપ લાગે છે અને તેને દૂર કરવા શક્ય એટલા પ્રયત્નો થઈ રહ્યા છે, પરંતુ એથી તેમાં ગણિકાઓ હતી એટલે પૂજારી બનાવવામાં આવી અને પૂજારી છે છતાં ગણિકાનું કામ કરે છે તે કહેવું સત્યથી વેગળું છે, કારણકે ભારતભરમાં ક્યાંય પણ સ્ત્રીઓ પૂજારણ તરીકે કાર્ય કરતી નથી. એમણે કહ્યું કે મારા ધર્મની ટીકા કરવાની કોઈએ હિંમત કરી નથી એ મારે માટે આનંદની વાત છે. તેમણે પડકાર ફેંકતાં કહ્યું કે આ એ હિંદુ ધર્મ છે જેને માટે ગ્રીસના ઇતિહાસકારોએ નોંધ્યું છે કે ''કોઈ હિંદુ ક્યારેય અસત્ય બોલતો જણાયો નથી અને કોઈ હિંદુ સ્ત્રીને ક્યારેય અપવિત્ર જાણી નથી.'' દરેક ટીકાઓ સમાજમાં રહેલાં દૂષણો સાથે સંબંધ ધરાવે છે. સમાજમાં રહેલી ક્ષતિઓ ધર્મને કારણે નથી, પરંતુ બીજા બધા દેશોમાં બનતું આવ્યું છે તે પ્રમાણે ધર્મ હોવા છતાં પણ મોજૂદ છે.

વિશ્વ ધર્મ પરિષદ બાદ તેઓ કેટલોક વખત અમેરિકામાં રહ્યા. ત્યાર બાદ ૧૮૯૬ અને ૧૮૯૯ એમ બે વખત અમેરિકાનું પરિભ્રમણ કર્યું. ૬૫૦ જેટલાં પ્રવચનો આપેલાં જે 'જૈના ફિલોસોફી', 'યોગા ફિલોસોફી' અને 'કર્મ ફિલોસોફી'રૂપે ગ્રંથસ્થ થયાં. વિદેશમાં ધ્યાન ઉપર આપેલાં બાર પ્રવચનોનો ગ્રંથ 'કૉન્સન્સ્ટ્રેશન'' નામથી પ્રગટ થયો. એક ધર્મજિજ્ઞાસુ અંગ્રેજ હર્બર્ટ વોરને માંસાહારનો ત્યાગ કરી જૈન ધર્મ સ્વીકાર્યો. એમણે વીરચંદ ગાંધીનાં ભાષણોની નોંધ રાખી એ પરથી અંગ્રેજીમાં ''જૈન ધર્મ'' નામનું પુસ્તક પ્રકાશિત કર્યું. વીરચંદભાઈએ બૌદ્ધ વિહારમાંથી મળેલ ફ્રેન્ચ પુસ્તકનો 'ધ અનનોન લાઈફ ઑફ જીસસ ક્રાઈસ્ટ'નો અનુવાદ કર્યો.

વિદેશમાં એમના પ્રવાસ દરમિયાન એમણે ભારતીય સંસ્કૃતિને શોભે એ રીતે આર્ય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કર્યું. વિદેશમાં જૈન દર્શનનાં પ્રવચનોની સાથે સાથે તેમણે સાંખ્ય દર્શન, યોગ દર્શન, ન્યાય દર્શન, વેદાંત અને બૌદ્ધ દર્શન પર પણ પ્રવચનો આપ્યાં. હિપ્નોટીઝમ, મેગ્નેટીઝમ, કૉન્સન્સ્ટ્રેસન (એકાગ્રતા), સાયન્સ ઓ બ્રીધિંગ ('શ્વાસનું વિજ્ઞાન') અને ધ્યાન જેવા વિવિધ વિષય પર પ્રવચન આપ્યાં. વિદેશમાં તેમણે ગાંધી ફિલોસોફી સોસાયટી, જૈન લીટરેચર સોસાયટી અને મહાવીર બ્રધરહૂડ જેવી કેટલીક સંસ્થાઓની સ્થાપના કરેલી. ખ્રિસ્તી મિશનરીઓની વટાળ પ્રવૃત્તિ (ધર્માંતરણ)ની તેમણે કડક આલોચના કરી.

અમેરિકાની પ્રજા સમક્ષ પ્રવચન કરતાં એક વખત તેમણે કહ્યું, 'આ દેશમાં હું આવ્યો છું ત્યારથી સાંભળી રહ્યો છું કે આ આખું વિશ્વ જીસસનું છે. ઈસાઈ જગતનો આ નારો-અવાજ છે. આ બધું શું છે ? આનો અર્થ શું ? એ ઈસુ કોણ છે જેના નામ પર તમે વિશ્વવિજય મેળવવા ઇચ્છો છો. શું અત્યાચાર કે અન્યાયના ઈસુ છે ? એવા ઈસુના ઝંડાના આધારે તમે અમને જીતવા માગશો તો અમે પરાજિત નહીં થઈએ, પરંતુ જો તમે અમારી પાસે શિક્ષા, ભાતૃભાવ અને વિશ્વપ્રેમ ઈસુના નામ પર આવશો તો અમે તમારું સ્વાગત કરીશું. એવા જિસસને અમે જાણીયે છીએ અને અમને એનો ભય નથી. ૧૮૯૯ મળેલ આંતરરાષ્ટ્રીય વાણિજ્ય પરિષદમાં શ્રી વીરચંદભાઈએ સમગ્ર એશિયાના પ્રતિનિધિ તરીકે હાજરી આપી હતી.

મિસિસ હાવર્ડ, હર્બટ વોરેન, પ્રેસિડન્ટ ચાર્લ્સ સી. બોની, ડૉ. જ્હોન હેનરી બરોઝ, વિલિયમ પાઈપ વગેરે વિદેશીઓ વીરચંદભાઈના ચાહકો અને અનુયાયીઓ બન્યા હતા. ફાધર ઑફ અમેરિકન લીટરેચર માર્ક ટ્વેઈન કે જેઓ બફેલો કુરિયર ન્યૂસપેપરના આંશિક માલિક અને તંત્રી હતા. તેઓ વીરચંદભાઈથી પ્રભાવિત થઈ ભારતની મુલાકાતે આવેલા. વીરચંદભાઈએ ભારતમાં તેમને જૈન મંદિરોની યાત્રા કરાવેલી. એક પુસ્તકના લેખકે ભૂલથી મહાત્મા ગાંધીએ માર્ક ટ્વેઈટને જૈન મંદિરોની યાત્રા કરાવેલી તેનો ઉલ્લેખ કરેલો, પરંતુ એ યાત્રા કરાવનાર વીરચંદ ગાંધી હતા. હકીકતમાં માર્ક ટ્વેઈનની ભારતની મુલાકાતના સમયે મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકામાં હતા.

શાકાહારના પ્રયોગો અને પ્રસારનાં કામોમાં મહાત્મા ગાંધી અને વીરચંદ ગાંધીમાં ઘણું સામ્ય હતું. ચિકાગોની એક મહિલા મિસ ઈમેલિયા મેકબીન વીરચંદભાઈનાં લખાણો અને પ્રયોગોથી પ્રભાવિત થઈ તેમણે મહાત્મા ગાંધીને પ્રશંસાયુક્ત વચનો કહેલાં ત્યારે ગાંધીજીએ તેમને પ્રત્યુત્તરમાં કહેલું કે તમે જેની વાત કરો છો તે હું નથી, પરંતુ મારા બૅરિસ્ટર મિત્ર વીરચંદ ગાંધી છે.

વીરચંદભાઈએ એક પ્રવચનમાં કહેલું કે જ્યારે અમારો દેશ સ્વતંત્ર થશે ત્યારે અમે હિંસક માર્ગે કોઈ પણ દેશ પર આક્રમણ કરીશું નહિ અને જગતનાં તમામ રાષ્ટ્રો સાથે

શાંતિમય સંબંધો સ્થાપી તેને જાળવી રાખીશું. આવા હતા યુગદૃષ્ટા વીરચંદ રાઘવજી ગાંધી. પાલિતાણામાં મૂંડકવેરો નાબૂદ કરાવવા આણંદજી કલ્યાણજીની પેઢીને વીરચંદભાઈનો ઉત્કૃષ્ટ સહયોગ મળ્યો. સમેતશિખરના પવિત્ર તીર્થસ્થળની પાસે ડુક્કરની ચરબી કાઢવાના કારખાનાના વિરોધ માટે વીરચંદભાઈ છ માસ કોલકાતા રહ્યા, બંગાળી ભાષા શીખ્યા, દસ્તાવેજોનો અભ્યાસ કરી કારખાનું દૂર કરાવ્યું. મુકદમાનો સઘળો ખર્ચ કોલકાતાના બાબુસાહેબ બદરીપ્રસાદે આપ્યો. કાવીના દેરાસરના વિવાદનો સુંદર ઉકેલ લાવ્યા.

ભારતમાં દુષ્કાળ પડ્યાના સમાચાર મળતાં દુષ્કાળ રાહત સમિતિની સ્થાપના કરી રૂપિયા ચાલીશ હજાર રોકડા અને અનાજ ભરેલાં વહાણોની ભારત રવાનગી કરી.

વિદેશ જવા બદલ વીરચંદભાઈને રૂઢિચુસ્ત સમાજનો વિરોધ સહન કરવો પડેલ. તેમને 'નાતબહાર' મૂકવાની પત્રિકાઓ છપાણી. શ્રી મગનલાલ દલપતરામે ગુરુભક્તિથી પ્રેરાઈ વિદેશ મોકલવાના ખર્ચ અંગે ફાળો આપ્યો હતો અને કટોકટી સમયે નૈતિક હિંમત દાખવી ભાયખલામાં ૨૦૦ સાધર્મિક અતિથિઓનું જમણ કરી વીરચંદભાઈ સાથે વ્યવહાર જાળવી રાખ્યો.

છતાંય વિરોધના વંટોળનો નાદ પારખી વ્યવહારને લક્ષમાં લઈ સંઘના સમાધાન અર્થે આચાર્યશ્રીએ વીરચંદભાઈ ગાંધીને શત્રુંજય તીર્થની યાત્રા કરવા આજ્ઞા કરી. સ્નાત્ર પૂજા ભણાવ્યા પછી જ્ઞાતિનો બહિષ્કાર દૂર થયો. સર પ્રેમચંદ રાયચંદે ૧૮૯૬માં જ્યારે વીરચંદભાઈ પાછા ફર્યા ત્યારે તેનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

૧૯૯૯માં વીરચંદભાઈ વિદેશ ગયા હતા ત્યારે જસ્ટિસ ગોવિંદ મહાદેવ રાનડેએ તેમનો ભવ્ય વિદાય સમારંભ યોજ્યો હતો. મૃત્યુ પછી રડવા કરવાનો રિવાજ બંધ કરવા નિબંધ લખી નિબંધ સ્પર્ધા યોજી હતી તેમાં આપણને વીરચંદભાઈમાં આદર્શ સમાજ સુધારકનાં દર્શન થાય છે.

ભારતીય દર્શન અને જૈન સંસ્કૃતિના જ્યોતિર્ધર વીરચંદ રાઘવજી ગાંધીનું માત્ર ૩૭ વર્ષની વયે ૧૯૦૧માં મુંબઈમાં અવસાન થયું. જૈન ઍસોસિયેશન ઑફ નોર્થ અમેરિકા (જૈના)ની, વીરચંદ રાઘવજી ગાંધી અમેરિકા અને ઈન્ડિયાની કમિટી દ્વારા વીરચંદભાઈનાં જીવન અને કાર્યનું ઘણું સાહિત્ય પ્રગટ થયું છે અને ઈન્ટરનેટ પર પણ મુકાયું છે. એમની અનેરી શાસનસેવા, દેશસેવા અને જીવનસિદ્ધિનું એક મ્યુઝિયમ મહુવામાં રચવાનો નિર્ણય લેવાયો છે. તેમની એક પ્રતિમા ચિકાગોના જૈન મંદિરમાં અને એક પ્રતિમા મહુવામાં નેમિવિહાર પાસે મૂકવામાં આવી છે.

૮, નવેમ્બર, ૨૦૦૯માં ભારત સરકાર દ્વારા તેમની ટપાલ ટિકિટ પ્રકાશનના સમયે વર્લ્ડ જૈન કન્ફડરેશન અને ''જૈના'' વૈશ્વિક સ્તરે ઉજવણી કરી રહેલ છે તેવા પ્રસંગે આ વિરલ પ્રતિભાને ભાવપૂર્વક ભાવાંજલિ...!!!

World Class Foil Stamping on World Class Machines

Heidelberg Cylinders, Heidelberg Platens and many other machines

Surdhan Foils

Rani Sati Road, Near W. E. Highway,
Malad (E) Mumbai - 97.
Ph. 28757812, 28769907, 65909907
Email : surdhanfoils@gmail.com

Kirtibhai S. Parekh - 9820630314
Jay K. Parekh - 9820528803
Jeet K. Parekh - 9619178229

Small enough to care, big enough to cope.

As a **Professional Foil Stamper** we undertake various type of job work from small v. card to big cartons, pamphlets, stickers, boxes and many other items up to the size of 22" x 32". Practically the size is no barrier for us.

# અખિલ બ્રહ્માંડમાં આપણું સ્થાન ક્યાં?

■ ''ગુંજન''

> મનસુખભાઈ ઉપાશ્રયમાં પ્રમુખ થઈ ગયા, નવનીતભાઈ શૅરબજારમાં કરોડો કમાઈ ગયા, ઈબ્બુલને આંતરરાષ્ટ્રીય ચિત્રકારનું પારિતોષિક મળ્યું કે... જિંદગીમાં કોઈને પણ 'કાંઈક' મળ્યા બાદ તેની ચાલ બદલાઈ જાય, ભાષામાં તોછડાઈ આવી જાય, વર્તનમાં રૂઆબ આવી જાય, માણસ અભિમાનથી ફૂલાઈ જાય કે અહંકારથી છલકાઈ જાય. આ તો આપણી આસપાસ રચાતાં દરરોજનાં વલયો છે. આમ કેમ થાય છે? કારણકે આપણી દુનિયા નાની છે, દૃષ્ટિ ટૂંકી છે : શ્રી બરવાળિયાએ રૂપક કથા આલેખી આપણને ભાન કરાવ્યું છે કે ''હમ તો કુછ ભી નહીં હૈ.'' આપણે તો બ્રહ્માંડના અતિપામર જીવો છીએ. જરૂરથી વાંચો અને બે પગ જમીન પર ટેકવો.

વર્તમાન સમયની ફોર્બ્સની (Forbes) અબજોપતિની યાદીના અનેક લક્ષ્મીપતિઓની તમામ સંપત્તિ કરતાં લાખો ગણી સમૃદ્ધિ કુબેર પાસે હતી અને તે સર્વસ્વ ત્યાગવાની તાકાત પણ તેનામાં હતી. તે ઐશ્વર્ય સામે આપણી સંપત્તિના સામ્રાજ્યનું શું મૂલ્ય?

બાહ્ય અને અંતરંગ તપનો જેના જેના જીવનમાં સમન્વય હતો તેવા ભગવાન ઋષભદેવ કે જેના માત્ર સાધુને લેવા યોગ્ય ભિક્ષા 'નિર્દોષ ગોચરી' ન મળતાં સહજ રીતે થયેલું ચારસો ઉપવાસનું તપ યુગોથી અદ્વિતીય અને અપૂર્વ રહ્યું છે.

શ્રીકૃષ્ણનો યોગ, રામની મર્યાદા, મહાવીર-બુદ્ધની કરુણા અને નરસિંહ-મીરાંની ભક્તિ જીવનની ચરમસીમાએ પહોંચી હતી. વૈરાગ્યભાવમાંથી ફલિત થતો ધન્ના-શાલિભદ્રનો ત્યાગ, શ્રીરામ પ્રતિ સાચા ભ્રાતાપ્રેમમાંથી પ્રગટતો ભરતનો રાજ્ય ભોગવટાના ત્યાગનો આ જગત પર જોટો જડે તેમ નથી.

આનંદ-શ્રાવક, ભામાશા, જગડુશા, વસ્તુપાળ અને તેજપાળ જેવા વીરોએ પોતાના ન્યાયસંપન્ન વૈભવમાંથી ઉલ્લાસભાવે સુપાત્ર દાન લઈ લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી. શેઠ સુદર્શનના શીલવ્રત અને ગણધર ગૌતમના જ્ઞાનને આપણે સદૈવ વંદન કરીએ છીએ.

જ્યારે આપણા જીવનમાં ત્યાગ, તપ, દાન, શીલ કે જ્ઞાનપ્રાપ્તિનું કોઈ સત્કાર્ય થાય કે સફળતા મળે તે સમયે સૂક્ષ્મ અહમ્ આપણામાં પેસી જવાનો ભય હોય છે. તે ક્ષણે આવા મહાન આત્માઓનું પાવન સ્મરણ કરી તેમની જીવનમાં તપ, ત્યાગ, શીલ, બાહ્ય અને આંતરવૈભવની સાથે આપણી સરખામણી કરવી જોઈએ. તેમ કરવાથી લાગશે કે આમાં આપણી શી વિસાત? આ ચિંતન આપણામાં જાગૃતિ લાવશે તેથી જીવનમાં લઘુતાભાવ પ્રગટ થશે જે અહંકારના આક્રમણ સામે કવચ બની રહેશે.

રાજકીય, સામાજિક કે ધર્મસંસ્થામાં પદ મળે, પૈસા કે પ્રતિષ્ઠા મળે, જીવનમાં અહંકારના પ્રવેશનો ભય લાગે ત્યારે અંતરના પ્રવેશદ્વાર પર 'આ વિરાટ વિશ્વમાં આ પદની શી વિસાત?'નો વિચાર અહમ્ સામે ચોકીદાર બની માન કષાયથી આપણા આત્માનું રક્ષણ કરશે.

વિશ્વચિંતક બર્ટ્રાન્ડ રસેલે એક લઘુકથા લખી છે. તે રૂપકને થોડી જુદી રીતે આપણા નિજી જીવનના પરિપ્રેક્ષ્યમાં તપાસવા જેવું છે.

પ્રસિદ્ધ અને ભવ્ય મંદિરનો એક પૂજારી નિદ્રાધીન થતાં તેને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેણે જોયું કે તે સ્વર્ગને દરવાજે પહોંચી ગયો છે, પરંતુ દરવાજો એટલો મોટો છે કે તેના છેડાઓની ખબર જ નથી પડતી. તે માથું ઊંચકી જુએ છે, તો આશ્ચર્યથી જોતો જ રહી જાય છે, પરંતુ તેનો કોઈ અંત દેખાતો નથી. એ દરવાજા પર નાના માણસના ટકોરાની શી અસર થાય? તે અસીમ સૂનકારમાં કાંઈ અવાજ પેદા ન થયો. એ માથું ઠોકી ઠોકીને થાકી જાય છે અને ખૂબ દુઃખી થાય છે, કારણ તેણે તો હંમેશાં એમ જ વિચાર્યું હતું કે, હું ભગવાનની દિવસ અને રાત પૂજા કરું છું એથી હું જઈશ ત્યારે ભગવાન દરવાજા સામે મારા સ્વાગત માટે હાથ ફેલાવી ભેટવા તૈયાર હશે, પરંતુ અહીં તો દરવાજો જ બંધ છે.

ખૂબ બૂમ-બરાડા પાડ્યા પછી એક નાની બારી ખૂલે છે અને પ્રકાશનો પુંજ દેખાય છે. તે જોઈ પૂજારી ગભરાઈ જાય છે. દરવાજાની બાજુમાં સરકી જાય છે, કારણકે બારીમાંથી એક-બે નહીં હજાર હજાર તેજસ્વી આંખો દેખાણી. પૂજારીની આંખો અંજાઈ જાય છે. તેને આંખે અંધારાં આવવા લાગ્યાં. પૂજારી બૂમ મારીને કહે છે, 'મહેરબાની કરી અંદર જતા રહો અને ત્યાંથી જ વાત કરો, મારા સામે જુઓ નહીં.

એક એક આંખનું તેજ હજાર સૂર્ય સમાન જણાય છે.' તે કહે છે, 'હે ભગવાન આપનાં દર્શન થઈ ગયાં, બહુ કૃપા થઈ,' પરંતુ પેલી તેજસ્વી આંખોવાળી વ્યક્તિ કહે છે, 'હું ભગવાન નથી, હું અહીંનો દ્વારપાળ છું અને તમે ક્યાં સંતાયો છો, મને દેખાતા જ નથી? પેલી હજાર હજાર આંખોવાળી વ્યક્તિને પણ તે પૂજારી ક્યાંય નજરે ચડતો નથી એટલો વામન લાગે છે. આ અદ્‌ભુત ઘટનાથી પૂજારીને લઘુતા-દીનતાની અનુભૂતિ થવા માંડી, 'હું વિચારતો હતો કે ખુદ ભગવાન દરવાજા પર મળશે, પરંતુ આ તો ભગવાનનો દ્વારપાળ છે.' થોડી વારમાં સ્વસ્થતા કેળવી પૂજારીએ દ્વારપાળને પૂછ્યુંઃ

'તમને ખબર નહોતી કે હું આવવાનો છું?'

દ્વારપાળે કહ્યું, 'તમારા જેવું જીવજંતું અનંતકાળમાં અહીં પહેલી જ વાર દેખાયું છે, ક્યાંથી આવો છો?' પૂજારીએ કહ્યું, 'પૃથ્વી પરથી આવું છું.' દ્વારપાળ કહે, 'આ નામ ક્યાંય સાંભળ્યું નથી, આ પૃથ્વી ક્યાં છે?' ત્યારે પૂજારીનો શ્વાસ અટકી ગયો, હૃદયના ધબકારા બંધ થવા માંડ્યા. જો પૃથ્વીનું જ નામ નથી સાંભળ્યું તો હિન્દુસ્તાનનું નામ અને તેના ધર્મનાં નામ ક્યાંથી સાંભળ્યાં હોય. એ ધર્મોના સંપ્રદાયોનાં નામ એ જાણતો જ ન હોય અને અમુક ગામનાં મંદિરોની એને શી ખબર હોય? અને એ મંદિરના પૂજારીને તો એ શે ઓળખે? જ્યારે એ તો કહે છે કે પૃથ્વીનું નામ જ પહેલી વખત સાંભળ્યું છે.

દ્વારપાળે પુનઃ પ્રશ્ન કર્યો, 'ક્યાં છે એ પૃથ્વી?' પૂજારીએ પ્રત્યુત્તરમાં કહ્યું, સૂર્યનો એક પરિવાર છે. તેમાં પૃથ્વી એક ગ્રહ છે.' પેલો દ્વારપાળ કહે છે, 'તમને ખબર નથી કે, કેટલા પાર વગરના સૂર્યો છે? કઈ નિહારિકા? તેમાંનો કયો સૂરજ? તમારા સૂર્યનો કયો નંબર (Index Number) છે?'

પૂજારી દિગ્મૂઢ થઈ સાંભળતો નિરુત્તર રહ્યો. પેલો દ્વારપાળ કહે, 'તમારી આકાશગંગા (Galaxy)નો (Code Number) બતાવી શકો તો તમારા સૂરજની શોધખોળ થઈ શકે કે તમે ક્યા સૌર પરિવારમાંથી આવો છો.' પૂજારી કહે, 'નંબર?' 'અમે તો એક જ સૂરજને જાણીએ છીએ.' દ્વારપાળે કહ્યું, 'ચાલો, પ્રયત્ન કરવામાં આવશે, શોધતાં શોધતાં કદાચ પત્તો લાગી પણ જાય, પરંતુ આ રીતે શોધ કરવી એ બહુ અઘરી વાત છે.' ગભરામણમાં પેલા પૂજારીની ઊંઘ ઊડી જાય છે. જાગૃત થતાં જ તે પસીનાથી તરબોળ થવા લાગે છે કે જે કોસ્મિક વિશ્વ, વિરાટ જગતમાં એ વસે છે ત્યાં પૃથ્વીનું જો કંઈ સ્થાન-ઠેકાણું નથી તો, 'અખિલ બ્રહ્માંડમાં આપણું સ્થાન ક્યાં?'


Navrang Entertainments

Bindu Trivedi-Compere

ENTERTAINMENT - EVENTS

**Theme Events, Lagna Geet, Raas-Garba, Stavan-Bhavna, Dairo, Mehandi Geet, Prarthana, Bhajans, Sangeet Sandhya Orchestra Management as per the requirements.**

Tel.: 022-2512 3273
Mobile : 98213 42273 / 98201 25035

# નેચરોપથી કૉલેજો અને જૈનો

■ ડૉ. મહેરવાન ભમગરા

શહેરોમાં અને તેનાં પરાંમાં આયુર્વેદિક ભંડારો ખૂલતા જાય છે અને ત્યાં થતી ભીડ જોઈને એવું અનુમાન તારવી શકાય કે ઇમર્જન્સી સારવાર સિવાય લોકો હવે એલોપથિક ટ્રીટમેન્ટ અને ડૉક્ટરોથી વાજ આવી ગયા છે. આગોતરા (Preventive) ઈલાજ કે તંદુરસ્તી માટે તેઓ હવે આયુર્વેદિક ઉપચારનું મહત્ત્વ સમજી રહ્યા છે ત્યારે ડૉ. ભમગરાનો આ લેખ જૈનો માટે ખાસ સૂચક છે. મને ખાતરી છે કે આ બાબત તમારે પણ કાંઈક કહેવાનું છે. તો શેની રાહ જુઓ છો?

– *તંત્રી*

આપણા દેશમાં નેચરોપથીના અભ્યાસ માટે વિધિવત્ સાડા પાંચ વર્ષના અભ્યાસક્રમવાળી પહેલી કૉલેજ ૧૯૮૯માં હૈદ્રાબાદમાં શરૂ થઈ હતી, જેને 'બાપુ'ની સ્મૃતિમાં 'ગાંધી નેચર-ક્યોર કૉલેજ' નામ અપાયું હતું. એ જ વર્ષમાં કર્ણાટકના ઊજિરે શહેરમાં પણ એક નેચરોપથિક કૉલેજ ઊભી કરાઈ હતી. ત્યાર પછી તામિલનાડુનાં ઊટી અને સાલેમ શહેરોમાં તથા છત્તીસગઢ અને અન્ય સ્થળોએ એવી જ પાંચ કે સાડા પાંચ વર્ષના કોર્સવાળી નેચરોપથિક કૉલેજો મોટે ભાગે દક્ષિણનાં રાજ્યોમાં સ્થપાઈ હતી. વર્ષ ૨૦૦૫માં મહારાષ્ટ્રમાં એક અને ગુજરાતમાં પણ એક એવી જ ફૂલ-ફ્લેજ્ડ લાંબા કોર્સની કૉલેજ શરૂ થઈ છે. ગુજરાતી પ્રજા માટે આ આનંદની વાત ગણાવી જોઈએ. કૉલેજમાંથી ઉત્તીર્ણ થનાર સ્નાતકને BNYS યાને 'બેચેલર ઑફ નેચરોપથી ઍન્ડ યોગિક સાયન્સીસ'ની ડિગ્રી એનાયત થશે. ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને બાયોલૉજીના વિષયો સાથે બારમા ધોરણમાં પચાસ ટકા માર્ક્સ સાથે સફળ થનાર વિદ્યાર્થી આ BNYS ડિગ્રી કૉલેજમાં દાખલ થવા માટે અરજી કરી શકશે.

ગાંધીજીને પગલે ચાલી નિસર્ગોપચારના પ્રચાર માટે જેમણે પોતાની લાંબી આયુનાં છેલ્લાં ત્રીસેક વર્ષ અર્પણ કર્યાં એ મહાનુભાવ શ્રી મોરારજી દેસાઈ સાથે આ કૉલેજનું નામ જોડીને એને 'મોરારજી દેસાઈ પ્રાકૃતિક ચિકિત્સા અને યોગ મહાવિદ્યાલય' એવું નામ અપાયું છે. આપણા દેશની પ્રાકૃતિક ચિકિત્સાની આ નવમી ડિગ્રી કૉલેજ છે, જેને ગુજરાત સરકાર તેમ જ કેન્દ્ર સરકાર તરફથી સ્વીકૃતિ મળી છે અને જે જામનગરની ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી સાથે એફીલીએટ કરાઈ છે. બળવંતરાય મહેતા આરોગ્ય ભવન જે એકસો ખાટલાની હૉસ્પિટલ છે, તેનો લાભ વિદ્યાર્થીઓને મળતો રહે એવી ગોઠવણ કરાઈ છે.

આયુર્વેદ, હોમિયોપથી વગેરેની પાંચ વર્ષના કોર્સવાળી કૉલેજો દેશભરમાં અનેક ઠેકાણે ચાલી રહી છે, તે પ્રમાણેના પાયાના અભ્યાસક્રમ સાથે પ્રાકૃતિક ચિકિત્સાના સિદ્ધાંતોની તાલીમ આપવાની જોગવાઈ આ નવી કૉલેજમાં કરવામાં આવી છે. આ રેસિડેન્સિયલ કૉલેજ હોવાથી છોકરાઓ અને છોકરીઓ માટે અલગ-અલગ હૉસ્ટેલની સગવડ પણ કરાઈ છે. વધુ માહિતી મેળવવા માટે 'મોરારજી દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ નેચરોપથી ઍન્ડ યોગિક સાયન્સીસ'ની ઑફિસમાં આ સરનામે પૂછતાછ કરી શકાય. 'બળવંતરાય મહેતા આરોગ્ય ભવન, કરોલી બાગ, વડોદરા-૩૯૦૦૨૨.'

પ્રાકૃતિક ચિકિત્સાનો પાયો અહિંસા છે, તેથી જૈન સમાજ ઉપરોક્ત કૉલેજને અનેક રીતે મદદરૂપ થાય એવી અપેક્ષા સહેજે રાખી શકાય. લાઇબ્રેરી, પ્રયોગશાળાનાં સાધનો, હૉસ્ટેલો, રસોડાં વગેરે અનેક સુવિધાઓ માટે મોટી રકમની જરૂર રહેશે, જે પૂરી પાડવા જૈન મંડળો, સંઘો, સંસ્થાઓ આગળ આવે એ જરૂરી છે, પરંતુ એથી પણ વધુ મોટી જરૂર છે **કૉલેજમાં પોતાનાં પુત્ર, પુત્રીઓ કે પૌત્ર, પૌત્રીઓને દાખલ થવા માટે પ્રોત્સાહિત કરવાની!** જૈન સમાજે હજારો એલોપથિક ડૉક્ટરો, શ્રેષ્ઠતમ સર્જ્યનો, ભિન્નભિન્ન રોગોના નિષ્ણાત સ્પેશિયાલિસ્ટો અને સુપર સ્પેશિયાલિસ્ટો પેદા કર્યા છે. દેશમાં જ નહિ, વિદેશમાં પણ એ જૈન મહાનુભાવોનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે.

જૈન મેડિકલ ડૉક્ટરની આંતરરાષ્ટ્રીય કૉન્ફરન્સ પણ થોડાં વર્ષથી ભરાવા લાગી છે.

૨૦૦૫ના વર્ષે જાન્યુઆરીમાં કાંદિવલી- મુંબઈ ખાતે યોજાયેલી કૉન્ફરન્સમાં અમેરિકા, ઇંગ્લૅન્ડ જેવા દેશમાં પ્રૅક્ટિસ કરતા હોય એવા, ઉપરાંત દેશમાં પ્રૅક્ટિસ કરનાર મળી, કુલ એક હજાર ઉપરાંત ડૉક્ટરોએ ભાગ લીધો હતો. કેટલાક મહારાજસાહેબો, મુનિ-ભગવંતોએ પણ આ કૉન્ફરન્સમાં પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં, જેમાંના કેટલાક મહાનુભાવોનો અંગત મત એવો હતો કે એલોપથિક ડૉક્ટરી અભ્યાસ દરમિયાન અને એક સ્નાતક પ્રૅક્ટિસ શરૂ કરે ત્યાર પછી જાણતાં કે જાણબહાર, એની પ્રૅક્ટિસમાં હિંસાનાં

તત્ત્વો દાખલ થઈ જતાં હોય છે. અભ્યાસકાળ દરમિયાન જ ગીનીપીગ, ઉંદર, દેડકા, વાનર વગેરે અનેક પ્રાણીઓ પર એ લાગણીશીલ જીવોને ભારે ત્રાસ થાય એવા પ્રયોગો કરાતા હોય છે. ઉપરાંત ફાર્માસ્યુટિકલ કંપનીઓ જે દવાઓ, રસીઓ બનાવે તેની ચકાસણી કરતી વેળા પણ એવાં જ સંવેદનશીલ પ્રાણીઓ પર અનેક જાતના અખતરા કરવામાં આવે છે. આવા અખતરાઓ પછી, મોટે ભાગે, એનાં પરિણામો જાણવા માટે એ પ્રાણીને મારી નાખી એનાં હૃદય, મગજ, લીવર, જ્ઞાનતંતુઓ વગેરે પર દવાઓની જે અસર પડી હોય તેનો અભ્યાસ કરવામાં આવે છે. વિવિસેક્શન નામે આ પ્રયોગો દુનિયાભરનાં મેડિકલ રિસર્ચ સેન્ટરોમાં દોઢસો વર્ષથી થતા આવ્યા છે. જેમાં આપણા યાને માનવીના રોગો દૂર કરવાના હેતુસર લાખો પ્રાણીઓનો ભોગ લેવાતો હોય છે.

ઉપરોક્ત ઉપરાંત એવાં બીજાં અનેક પ્રબળ કારણ ધ્યાનમાં રાખીને જૈન સમાજે એલોપથિક ચિકિત્સાને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિઓથી દૂર રહેવું જોઈએ એવું હવે કેટલાક મુનિ-મહારાજો પોતે સમજવા લાગ્યા છે અને એ મહાશયો પોતાની માંદગી કે સ્વાસ્થ્ય સંબંધી સમસ્યા માટે નિર્દોષ ઉપાયો-નિસર્ગોપચાર, યોગ-ચિકિત્સા કે આયુર્વેદમાં શોધતા હોય છે. 'આહાર એ જ ઔષધ છે! જે આહાર તરીકે એક સ્વસ્થ માનવી લઈ શકે, તેવો જ કુદરતી ખોરાક એક રુગ્ણ વ્યક્તિ પોતાને સાજો કરવા માટે લઈ શકે!' એ પ્રાકૃતિક ચિકિત્સાનું મહત્ત્વનું સૂત્ર છે.

એલોપથિક ડૉક્ટરો પોતાની ડૉક્ટરી કારકિર્દીની શરૂઆત કરતાં પહેલાં જે શપથ લે છે-જે 'હિપોક્રેટિક ઓથ' કહેવાય છે-તે હિપોક્રેટિક નામના ઋષિ તુલ્ય ચિકિત્સક પોતાના દર્દીઓ અને વિદ્યાર્થીઓને હંમેશ એક મહામંત્ર પામવાનો અનુરોધ કરતા કે, 'આહાર જ એવો લેવો જે સ્વયં ઔષધ બની રહે.' આયુર્વેદ પણ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે 'દરદી જો પથ્ય ન પાળે તો એને માત્ર ઔષધોથી કઈ રીતે ફાયદો પહોંચે? અને એ જો પથ્ય પાળે, તો એને ઔષધોની જરૂરત જ ક્યાં રહે?'

આયુર્વેદ સુધ્ધાં અન્ય ચિકિત્સા-પદ્ધતિઓમાં માંસાહાર વર્જિત નથી ગણાતો-જેમ પ્રાણીઓ પરના પ્રયોગો યાને વિવિસેક્શન પણ વર્જિત નથી ગણાતા. જૈન સમાજના શ્રેષ્ઠી મહાનુભાવો મોટી એલોપથિક હૉસ્પિટલો જ ઊભી કરવા હંમેશ ઉત્સુક હોય છે. મુંબઈ ઉપરાંત ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્રનાં ડઝનો શહેરોમાં જૈન સમાજે ડઝનો હૉસ્પિટલો સાર્વજનિક લાભાર્થે ખોલી છે જે એક રીતે અત્યંત પ્રશંસનીય સખાવતનું કામ છે, પરંતુ 'એલોપથી'નો પાયો હિંસામાં છે એ હકીકત સ્વીકાર્યા વિના ચાલે એમ નથી. જૈન સમાજે નેચરોપથીની એક પણ કૉલેજ કે એક પણ મોટી હૉસ્પિટલ ચાલુ કરી નથી, એ બન્ને કસરો બને તેટલી વહેલી તકે દૂર કરવી જરૂરી છે. એ કરાય તે પહેલાં હાલતુરંત વડોદરાની કૉલેજમાં પોતાના પરિવારનાં છોકરાઓને કુદરતી ઉપચારોની જાણકારી માટે ઍડ્મિશન અપાવવાની તજવીજ કરાય તો એક મોટું પુણ્યનું કામ, અહિંસાનું કામ, ધર્મનું કામ થયું ગણાશે. પોતાના પરિવારમાંથી યોગ્ય વ્યક્તિ વિદ્યાર્થી તરીકે ન ઉપલબ્ધ હોય, તો અન્ય યોગ્ય વિદ્યાર્થીઓના અભ્યાસમાં સહાયરૂપ થવા સ્કૉલરશિપ કે સ્પોન્સરશિપ પણ વડોદરાની કૉલેજને સૂચવી શકાય, જેથી ગરીબ વિદ્યાર્થી એ કૉલેજમાં દાખલ થઈ શકે. તત્કાળ આ અહિંસા-પ્રચારનું કાર્ય કરવું જરૂરી છે.



# લોકશાહી

લિંકને કહ્યું હતું કે ડેમોક્રેસી ઈઝ ફોર ધી પીપલ, બાય ધ પીપલ અને ઑફ ધ પીપલ, પણ ભારતમાં ઘણા લોકોને પૂછીએ તો એ જણાવશે કે લોકશાહી એટલે લોકો માટે, લોકોને લોકો દ્વારા દંડૂકાથી પીટાઇ. લોકશાહી એ એવી રાજ્યપ્રથા છે કે જેમાં દરેક જણને પોતાના દમનકારને નક્કી કરવાનો હક્ક સાંપડે છે. લોકોના અજ્ઞાન વડે ચાલતી સરકાર એનું નામ લોકશાહી. આપણા દેશમાં લોકશાહી છે તેથી અસંખ્ય માણસો વિચાર્યા વિના જ પોતાના વિચારો બેધડક વ્યક્ત કરે છે. લોકશાહીમાં તમે ઠીક લાગે તે બોલી શકો છો, પણ તે કોઈ સાંભળશે નહિ. પોતાનું સ્વાતંત્ર્ય ઝૂંટવાઈ ગયાની ફરિયાદ કરવાનો અધિકાર સાંપડે તેવી પદ્ધતિને લોકશાહી કહે છે, કારણકે ફરિયાદ કરવા જેવું કશું ન હોય, છતાં તમે ફરિયાદ કરી શકતા હો તો સમજજો તમે લોકશાહીમાં વસી રહ્યા છો. લોકશાહીમાં પોતાને જે સત્ય લાગે તે કહેવાનો દરેક માણસને હક્ક હોય છે અને દરેક અન્ય વ્યક્તિને તેની સામે પડકાર ફેંકવાનો. લોકશાહી એ એવા પ્રકારની રાજ્યવ્યવસ્થા છે કે જ્યાં તમે જે વિચારો તે કહી શકો છો, પછી ભલે તમે કશુંય વિચારતા ન હો. લોકશાહી દરેક માણસને પોતે પોતાને અન્યાય કરવાનો હક્ક આપે છે. ઘણી વાર સરકારનું Administration જોઈને એમ લાગે કે લોકશાહી એટલે ઉકેલવિહીન સમસ્યાઓના, ઉપલક ઉપલક ઉકેલો શોધવાની પ્રવૃત્તિ. લોકશાહીમાં આખરી નિર્ણય સારુ માથાં ભાંગવામાં આવતાં નથી, માત્ર તે ગણવામાં જ આવે છે.

લિંકને કહ્યું છે કે ''તમે કેટલાક લોકોને હંમેશાં મૂરખ બનાવી શકો છો'' અને આપણી લોકશાહીના રાજકારણીઓ એવા જૂથ પર જ પોતાનું સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ દુનિયા મુત્સદ્દીઓથી ત્રાસી ગઈ છે, કારણકે લોકશાહીએ તેમને સૌને રાજકારણી બનાવી દીધા છે. લોકશાહીમાં મોટા ભાગના રાજકારણીઓ આ બેમાંથી એક પ્રવૃત્તિમાં સમય ગાળે છે. કાં તો ખુરશી મેળવવામાં યા તો ખુરશી પર કાદવ ઉછાળવામાં. લોકશાહીમાં સત્તાધારી અને વિરોધ પક્ષની કામગીરી બહુ સ્પષ્ટ છે. વિરોધી પક્ષે રાજકીય કૌભાંડની ખોજ કરતાં રહેવાની છે તો સત્તાધારી પક્ષે તેમને ઢાંકવાની. લોકશાહીમાં સૌથી મોટી ખોટ હોય તો તે એ છે કે જે પક્ષ સત્તા પર નથી હોતો તેને જ સરકાર કઈ રીતે ચલાવાય તેનું જ્ઞાન હોય છે. લોકપ્રિય સરકારને (જો તે હોય તો!!) સનાતન ધમપછાડા કરવા પડતા હોય તો તે પોતાની લોકપ્રિયતા ટકાવવાના જ!

લોકશાહી અને લોકશાહીનું રાજકારણ એટલે પૈસાદારો પાસેથી પૈસા મેળવવા અને ગરીબો પાસેથી મત અને ડોળ એવો કરવો કે અન્ય બીજા વર્ગથી તમારું રક્ષણ કરી રહ્યા છીએ. ભારતમાં તો ઘણી વાર એવું લાગે છે કે બહુમતી રાજ્ય કરે છે, પણ તે કઈ રીતે કરવું તે લઘુમતી બતાવે છે, કારણકે ભારત એ શાંત બહુમતી અને ધાંધલિયા લઘુમતીનો દેશ છે. આપણે નાના હતા ત્યારે શાળામાં આપણને કહેવામાં આવતું કે લોકશાહીમાં ગમે તે વ્યક્તિ મુખ્ય પ્રધાન થઈ શકે છે. હવે આપણને તેની ખાતરી થઈ ગઈ છે.

આપણે જો લોકશાહીને સમજવી હોય તો લાઈબ્રેરીમાં જઈને લોકશાહીનાં થોથાં ઉથલાવવાથી નહીં સમજાય, પણ બસ અને ટ્રેનમાં લોકો સાથે વધુ સમય ગાળવાથી તે સમજાશે. ગાંધીજી કહેતા જે બાબત નૈતિક રીતે ખોટી હોય તે રાજકીય રીતે સાચી ઠરી શકે.

લોકશાહીની અવેજીમાં

---

જગતને 'લોકશાહી' નામની રાજ્યવ્યવસ્થાની ભેટ સૌથી પ્રથમ ભારતે જ આપી છે. આશરે ૨૩૦૦ વર્ષ પહેલાં મગધ નામના અતિસમૃદ્ધ અને બળવાન રાજ્યની સમીપે આવેલ વૈશાલી રાજ્યમાં લિચ્છવી લોકોએ ''લોકશાહી'' નામની એક નવી વ્યવસ્થા બનાવેલી જે હાલમાં પ્રવર્તમાન લોકશાહી વ્યવસ્થા સાથે અદ્‌ભુત સામ્યતા ધરાવતી હતી. બહુ જ અલ્પ સમયમાં વિલીન થયેલી આ લોકશાહી જગતના સર્વપ્રથમ 'લોકો માટે લોકો વડે' ચાલતી સુવ્યવસ્થા હતી. તે શા કારણે પડી ભાંગી તેનાં કારણોનો અભ્યાસ કરીએ તો હાલમાં આપણા દેશમાં ચાલતી નહીં પણ ખોડંગાતી લોકશાહીને દીર્ઘકાળ સુધી ટકાવી રાખવાના ઈલાજ મળી રહે. (તેના માટે ઇતિહાસ વાંચવો પડે)

૨૬ જાન્યુઆરી, ૧૯૫૦નો દિવસ ભારતના લોકો માટે સોનેરી સ્વપ્નાં લઈને આવેલ. આપણા કિરણભાઈ ત્યારે લગભગ ચાર-પાંચ વર્ષના બાળક હશે. ત્યાર બાદ તેમણે લગભગ ૬૦ વર્ષ સુધી ચાખેલા લોકશાહીના કાંટાળા ફળના તૂરા-મીઠા સ્વાદ વિશે વ્યંગ્યાત્મક વાણીમાં સંતાપ રજૂ કરી રહ્યા છે તે આપણે જાણીએ-માણીએ અને આપણે પણ અનુભવેલા ૬૦ વર્ષના આશા-નિરાશાના ઝોલના પ્રત્યાઘાત આપીએ.

તો માણીએ લોકશાહી નામની બોટમાં સહેલ કરતા કરતા કિરણભાઈને....

**તંત્રી**

આપણે થોડાએક ભ્રષ્ટ માણસોની નિમણૂક કરવા સારુ લાખો અસમર્થ માણસોને ચૂંટણી કરવાનું કામ સોંપીયે છીએ. સારા માણસો પોતાનો મતાધિકાર ન વાપરીને ખરાબ માણસો ચૂંટી કાઢે છે. લોકશાહીમાં બે રીતે નુકસાન થાય છે. કાં તો પ્રજા અભણ હોય યા ખોટી રીતે સુશિક્ષિત હોય. લોકશાહી એટલે અશિક્ષિતોથી ચાલતી સરકાર. અમલદારશાહી એટલે કુશિક્ષિતોથી ચાલતી સરકાર. મૂંગી પ્રજા અને બહેરી સરકાર જ્યાં હોય ત્યાં સાચી લોકશાહી સંભવી શકે નહીં. લોકપ્રિય લોકશાહી સરકાર હજી એકમાત્ર સિદ્ધાંત છે, કારણકે હજી લગી કોઈ એવી સરકાર સ્થપાઈ નથી કે જે લોકપ્રિય હોય. આ છતાં પણ અનેક લોકો લોકશાહીમાં ચમત્કારોની અપેક્ષા રાખે છે, પણ મારા હિસાબે સૌથી મોટો ચમત્કાર એ છે કે લોકશાહી જેવું કંઈક છે.

લોકશાહીમાં ઘણી વાર આપણે આપણા પાયાના અધિકારોની ચર્ચા કરીએ છીએ, પણ આપણા દેશના બંધારણમાં આપણી પાયાની ફરજોનો પણ નિર્દેશ થયેલો છે. ભારતના સંવિધાનના ભાગ ૪ (ક)માં નાગરિકોની પાયાની ફરજો નીચે મુજબ ગણાવેલી છે. જે.જે.સી.ના જવાબદાર સભ્ય તરીકે અને ભારતના નાગરિક તરીકે આપણે એ ફરજો સમજવાની અને તેને પાળવાની જરૂર છે.

૧) બંધારણનું પાલન કરવું.
૨) સ્વતંત્રતા માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને ચાહવા અને અનુસરવા.
૩) દેશનું સંરક્ષણ કરવું અને સાદ પડે ત્યારે રાષ્ટ્રની સેવા બજાવવી.
૪) ધર્મની, ભાષાની અને પ્રદેશની વિવિધતાની ઉપર ઊઠીને ભાઈચારાની ભાવના ફેલાવવી, મહિલાઓના ગૌરવ માટે અપમાનજનક રિવાજોનો ત્યાગ કરવો.
૫) કુદરતી પર્યાવરણનું રક્ષણ કરવું, તેને સુધારવું અને પ્રાણીમાત્ર માટે અનુકંપા રાખવી.
૬) વૈજ્ઞાનિક માનસ, માનવતા, કાર્યકારણની ખોજ તથા સુધારાની ભાવના વિકસાવવી.
૭) પ્રજાકીય માલમિલકતનું રક્ષણ કરવું અને હિંસાનો સદંતર ત્યાગ કરવો.
૮) વ્યક્તિગત અને સામૂહિક પ્રવૃત્તિમાં ઉત્તમતા માટે મથવું, જેથી આપણું રાષ્ટ્ર સાધના અને સિદ્ધિની વધુ ને વધુ ઊંચી સપાટીએ સતત ચડતું રહે.

જો આપણે આપણી આ ફરજ બજાવશું તો સાચી લોકશાહી ભારતમાં લાવી શકીશું.

*લિ. કિરણ શાહ*
*ચૅરમૅનઃ જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ*

**બાળદિન નિમિત્તે મમ્મી-પપ્પાને બાળઉછેર વિશે થોડાં સોનેરી સૂચનો ''ડોરોથી લો નોટ''ના આ કાવ્યના ભાવાનુવાદ દ્વારા કરે છે આપણા માનીતા શ્રી દિલીપ પિપલિયા...**

# સંતાન ઈશ્વરની શ્રેષ્ઠ કૃતિ છે

બાળક ટીકાઓ સાથે ઊછરે
તો તે નિંદા કરતા શીખે.
બાળક ધિક્કાર સાથે ઊછરે
તો તે ઝઘડા કરતા શીખે.
બાળક ઠેકડી સાથે ઊછરે
તો તે શરમાળ થતાં શીખે.
બાળક અપમાન સાથે ઊછરે
તો તે અપરાધભાવ અનુભવવાનું શીખે.
બાળક સહિષ્ણુતા સાથે ઊછરે
તો તે સહનશીલતાનો ગુણ કેળવશે.
બાળક પ્રશંસા સાથે ઊછરે
તો તે કદર કરતા શીખશે.
બાળક ઉચિત વ્યવહાર સાથે ઊછરે
તો તે ન્યાયી વલણ અપનાવતા શીખશે.
બાળક સલામતી સાથે ઊછરે
તો તે શ્રદ્ધા કેળવતા શીખશે.
બાળક સ્વીકૃતિ સાથે ઊછરે
તો તે સ્વ આદર કરતા શીખશે.
બાળક મૈત્રીભરી રીતે ઊછરે
તો તે વિશ્વમાં પ્રેમની ખોજ કરતાં શીખશે.

ડોરોથી લો નોટના કાવ્યનો ભાવાનુવાદ અને હવે અંતમાં એટલું જ કહીશ કે ઈશ્વરની આ અમણોલ શ્રેષ્ઠ કૃતિને નમુનેદાર બનાવવા શક્ય હોય ત્યાં સુધી આટલું જરૂર કરીએ.

★ સંતાનમાં શ્રેષ્ઠતાની સંવેદના વિકસાવો.
★ સંતાનને શીખવોઃ 'તમારા ભાગ્યવિધાતા તમે જ છો.'
★ સંતાનને વિસ્તરવાની તક આપો, સરખામણી ન કરશો.
★ સંતાનને સફળતાની સાથે સાથે નિષ્ફળતા પચાવતા પણ શીખવો.
★ સંતાન સાથે ખેલો, કૂદો અને રમો, સાથે પ્રતિભાને યોજનાબદ્ધ વિકસાવો.
★ સંતાનને ભરપૂર પ્રેમ આપો. પ્રકૃતિપ્રેમી અને પરિવર્તનશીલ બનાવો.

ચાલતા યંત્રે : જો તમે તમારાં સંતાનોને સંસ્કાર નહીં આપો તો સંતતિ અને સંપત્તિ બંને ગુમાવવાનો વારો આવશે.

# મહાન માણસોની વાતો

## (એક સંશોધન)

પુરુષોત્તમ રામથી લઈને મહામાનવ ગાંધીજી સુધીના હજારો મહાન માનવીઓને આપણે જાણીએ છીએ, પણ કમનસીબે આપણી વચ્ચે રહેલા કેટલાય મહાનતાના ગુણ ધરાવતા માણસોની આપણે નોંધ પણ લેતા નથી. અરે, આપણામાં પણ મહાનતાના કેટલાક ગુણો પડેલા જ છે, પણ આપણે આપણને ક્યાં ઓળખી શકીએ છીએ? ડૉ. ઘનશ્યામ દોશીએ આકરી મહેનત કરી આવા ગુણોનું સંશોધન કરી આપની સમક્ષ મૂક્યા છે, જે વાંચી આપણે ચોક્કસપણે આપણી આજુબાજુમાં વસેલા આપણા મહાન માણસોને ઓળખી શકીશું. આ વાંચ્યા પછી તમે જરૂરથી આજુબાજુ નીરખશો. તમને ચોક્કસ સેંકડોની સંખ્યામાં મહાન માણસો મળી રહેશે. હવે પછી તમારે મહાન માણસોની શોધમાં ઇતિહાસનાં પાનાં ફંફોળવાની જરૂર નહીં રહે.

જો તમે ડૉક્ટરસાહેબે વર્ણવેલા ગુણો ગ્રહણ કરશો તો તમે પણ મહાન બની જશો તેની અમને ખાતરી છે. આ રીતે મહાન બન્યા પછી આપના નામ તથા ગુણ જો મોકલી આપશો તો 'જાગૃતિ સંદેશ'માં આપના ફોટા સાથે નોંધ લેવામાં આવશે. **— તંત્રી**

શાસ્ત્રોમાં કહ્યું છે કે મહાન માણસો બે પ્રકારના હોય છે. પ્રથમ પ્રકારના લોકો પોતાની બુદ્ધિ, કૌશલ્ય અને પુરુષાર્થના બળથી મહાન બને છે. આ પ્રકારના મહાન લોકોનાં સેંકડો ઉદાહરણો છે. જે.જે.સી. સભ્યો પણ તેમના વિશે ઘણું જાણતા હશે. તેમના જીવનચરિત્ર અને પ્રેરક જીવનપ્રસંગોનાં પુસ્તકો સર્વને માટે સહેલાઈથી ઉપલબ્ધ છે. બીજા પ્રકારના લોકો એવા છે કે જેઓએ મહાન બનવા માટે કોઈ મહેનત કરવી નથી પડતી. તેમને કોઈ ભોગ આપવો પડતો નથી. તેમની મહાનતા સ્વયંસિદ્ધ છે. તેઓ આપમેળે જ વી.આઈ.પી. બની જાય છે અને સમાજમાં તેમનું વિશિષ્ટ સ્થાન જાતે જ સુનિશ્ચિત કરી લે છે.

આ બીજા પ્રકારના લોકો વિશે બહુ ઓછું સંશોધન થયું છે અને બહુ ઓછું લખાયું છે. આમજનતા તેમના વિશે વધુ ને વધુ જાણતી થાય તેવા શુભ હેતુથી આ બીજા પ્રકારના મહાન માણસોના સદ્‌ગુણો અહીં રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. અનેક વ્યક્તિઓના અનુભવો જાણીને, અનેક મહાન માણસોની રૂબરૂ મુલાકાત લઈને અમે કાઢેલાં તારણો અત્રે પ્રસ્તુત છે.

**૧) અતિવ્યસ્તતા :–** આ પ્રકારના મહાન માણસો ખૂબ વ્યસ્ત હોય છે. દરેક સમારંભમાં, મિટિંગમાં, મહત્ત્વના પ્રસંગોમાં તેઓ હંમેશાં છેલ્લે જ આવે છે અને અગ્રિમ હરોળમાં સ્થાન મળે તેવો આગ્રહ રાખે છે. આવતાં જ તેઓ કેટલા બીઝી છે અને કેટલી મુશ્કેલીથી આ સમય તેમણે કાઢ્યો તે જણાવતા ફરે છે. તેમની હાજરી દરમિયાન તેઓ સતત મોબાઈલ પર વાત કરતા રહે છે. ભોજન સમારંભ પછી તેઓ અચાનક અલોપ થઈ જાય છે.

**૨) ભોળપણ :–** આ મહાન માણસો ખૂબ ભોળા અને ભુલકણા હોય છે. તેમને સમય, તારીખ વગેરે કંઈ યાદ રહેતાં નથી (ખાસ કરીને એ સમયે જો કોઈ રકમ ચૂકવવાની હોય!). તેઓ ઉછીના લીધેલા પૈસા યાદ રાખી શકતા નથી. આ એક મોટો સદ્‌ગુણ છે.

એક ગરીબ વ્યક્તિના જરૂરી ઑપરેશન માટે અમે ફંડફાળો ઉઘરાવેલ. તે માટે શેઠશ્રી નૌતમલાલે સારી એવી રકમ લખાવેલી. અમે તેની ઉઘરાણી માટે ગયા ત્યારે તેમણે કહ્યું કે બીજા લોકો પણ સારો ફાળો નોંધાવે તે માટે જ તેમણે મોટી રકમ લખાવેલ. એ ચૂકવવાનો તેમનો કોઈ ઈરાદો ન હતો. આવી ક્ષુલ્લક બાબતમાં ઉઘરાણી માટે જઈને અમે કેટલી મોટી ભૂલ કરી છે તે એમણે અમોને વિગતથી સમજાવ્યું. છેલ્લે છેલ્લે તેમણે કહ્યું પણ ખરું, 'ફરી ફાળો એકત્ર કરવો હોય તો મને જરૂર યાદ કરજો. કોઈ સંકોચ ન રાખશો!' આ સાંભળીને અમે સૌ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

**૩) સર્વજ્ઞાન :–** આ મહાન માણસો દરેક વિષયમાં નિપુણ હોય છે. કોઈ વિષય એવો નથી હોતો જેના વિશે તેઓ પોતાનો અભિપ્રાય ન આપી શકે. અર્થશાસ્ત્ર, રાજકારણ, રમતગમત, તબીબી વિજ્ઞાન, અભિનયકલા કે હવામાન શાસ્ત્ર જેવા વિવિધ વિષયો પર તેમની ગજબ પકડ હોય છે. કોઈ કોઈ વાર તો દર્દીના હૃદયનો વાલ્વ બદલાવવો જોઈએ કે નહીં તે વિશે પણ સ્પષ્ટ સૂચન કરી શકે છે. દરેક બનાવના સંકેત તેમને અગાઉ મળી જાય છે. કોઈ ઘટના બને તો તુરત કહેશે, ''હું નો'તો કે'તો..... ?''

**૪) નિર્મોહ :–** તેમને કોઈ હોદ્દાનો મોહ નથી હોતો, પણ લોકો પરાણે તેમને અનેક સંસ્થાઓમાં ચાવીરૂપ હોદ્દા આપે છે. ઘણી સંસ્થાઓમાં માનભર્યા અને જવાબદારીયુક્ત હોદ્દા ધરાવવા છતાં તેમને કોઈ કાર્યબોજ નથી લાગતો. તેમને તો માત્ર સંસ્થાનાં નામ અને હોદ્દા જ યાદ રાખવાના હોય છે. તેઓ કામ કરીને શક્તિનો વ્યય કરવામાં નથી માનતા. તેઓ ફંક્શનમાં હાજરી આપે છે, સંસ્થાના વિકાસમાં પોતે કેટલો મહત્ત્વનો ભાગ ભજવેલ તે સૌને જણાવે છે, એકાદ ચટાકેદાર ભાષણ ફટકારે છે અને સ્વાદિષ્ટ ભોજનનો

આનંદ લઈને પોતાની મહાનતાનો પરિચય આપે છે.

**૫) સેવામાં સદાય હાજર :–** ''તમારું માન રાખવાનું હતું એટલે છૂટકો ન હતો અને તમને થોડી ના પડાય?'' આ સાંભળીને તમારી છાતી ગજગજ ફૂલી જવાની. તમારા પ્રસંગમાં તેમની હાજરીના પુરાવારૂપે ફોટો ફંક્શનમાં તેઓ સરસ રીતે ગોઠવાઈ જાય છે.

**૬) ચહેરા પર ચિરંજીવ સ્મિત :–** તેમની આ ખાસિયત કે સદ્‌ગુણ પર આપણે સૌ ફિદા છીએ. તેઓ સતત હસતા અને હળવા મૂડમાં જ હોય છે. તેમના મુખારવિંદના હાવભાવ પરથી તેમના મનમાં શું ચાલે છે તે જાણવું અતિમુશ્કેલ છે. તેઓ ઉચ્ચ પ્રકારનો અભિનય કરી શકે છે, અણગમતા માણસને ગળે લગાવી શકે છે. આ સદ્‌ગુણ તેમને રાજકારણમાં ખેંચી જાય છે.

**૭) આયોજનશક્તિ :–** પ્રસંગ શુભ હોય કે અશુભ, જાહેરસભા હોય કે ખાનગી મિટિંગ, તમે ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરશો તો આ મહાન માણસો લોકોને સૂચના આપતા નજરે પડશે. તેઓ જાતે કોઈ વસ્તુને હાથ નથી અડાડતા. અર્વાચીન મૅનેજમેન્ટનો એ નિયમ છે કે જે કામ તમે બીજા પાસે કરાવી શકો તે કામ જો તમે ખુદ કરશો તો ક્યારેય મહાન નહીં બની શકો. મહાન માણસ તો એ જ કહેવાય કે જે નમ્રતાપૂર્વક હસતા હસતા સઘળો યશ જાતે લઈ શકે.

**૮) સુપર સ્પેશિયલાઈઝેશન :–** એક વાર મહાન બની ગયા પછી તેઓ સંતોષ નથી માનતા. તેઓ સુપર સ્પેશિયાલિસ્ટ બનવાની ટ્રેનિંગ લે છે. આ માટે ઘણી વિદ્યાશાખાઓ છે. જાહેરસભાનું આયોજન, સરઘસ કાઢવાં, ધરણાં કરવાં, ઉપવાસ પર બેસવું, લોકો એકઠા કરવા, લગ્નપ્રસંગ, બેસણાં-ઉઠમણાં, પ્રવાસનું આયોજન જેવા વિષયના સુપર સ્પેશિયાલિસ્ટસ સમાજમાં માનભર્યું સ્થાન ધરાવે છે. જરૂર પડે ત્યારે તેમની સેવાનો લાભ લેવો અને નિશ્ચિંત થઈ જવું એમાં જ શાણપણ છે.

**૯) ના પસ્તાવો, ના કોઈ ઝરણું :–** આ મહાન માણસોને પોતે કરેલા કોઈ કામ બદલ ક્યારેય પસ્તાવો થતો નથી. ક્યારેક નિષ્ફળતા મળે તો તેમને કોઈ ક્ષોભ કે સંકોચ થતો નથી. છોભીલા પડવાને બદલે જાણે કંઈ બન્યું જ નથી એમ માની તુરત બીજા કામમાં લાગી જાય છે. તેઓ દૃઢ માન્યતા ધરાવે છે કે બહુ લાગણીશીલ ન થવું. તેઓ બધાને વ્યવહારુ બનવાની ખાસ ભલામણ કરતા હોય છે. તેમના શબ્દકોશમાં 'વ્યવહારુ' શબ્દના ઘણા બધા અર્થ થાય છે.

**૧૦) કાર્યશીલતા :–** મહાન માણસોને કાર્યશીલ રહેવા માટે ઉંમરનો કોઈ બાધ નડતો નથી. એક ટ્રસ્ટીશ્રી અશક્તનારાયણે પોતાના ૯૯મા જન્મદિવસે યોજાયેલા સમારંભમાં પોતાની નિવૃત્તિની અફવાઓને નિરાધાર ગણાવી હતી. પોતાને દેખાતું નથી કે સંભળાતું નથી તેવો જૂઠો પ્રચાર કરવા બદલ તેમણે યુવાનોનો ઊઘડો લીધો હતો. આટલું બોલ્યા બાદ તેમને ખૂબ શ્વાસ ચડી જવાથી આઈ.સી.યુ.માં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં તેમને સંપૂર્ણ આરામની સલાહ આપવામાં આવી હતી. તેમના સાથીદારોએ 'તેમની સેવાઓની સમાજને હજુ જરૂર છે' તેવા મતલબની પ્રેસનોટ આપી હતી.

**૧૧) ધર્મ ક્ષેત્રે મહાનતા :–** આ ક્ષેત્રમાં મહાન બનવાની વિપુલ તકો રહેલી છે. આ ક્ષેત્રમાં પ્રવેશનાર સૌને માટે મહાન બનવાનું ફરજિયાત છે. એ માટે પદ્ધતિસર તબક્કાવાર ટ્રેનિંગ લેવામાં આવે છે. પ્રથમ તબક્કામાં એવી હવા ફેલાવવાની કે પોતે દિવ્ય આત્મા છે અને ગુરુજી સ્વર્ગે સિધાવતાં પહેલાં ખાસ પ્રસાદી આપી ગયા છે. બીજા તબક્કામાં ભક્તજનોને સાંસારિક કાર્યોમાં મુહૂર્ત કાઢી આપવામાં આવે છે, શૅરબજારની ટીપ આપવામાં આવે છે અને પોતે જ્યોતિષવિદ્યાના ખેરખાં છે તેમ જ અમુક દેવી કે દેવ હાજરાહજૂર છે તેવો વ્યવસ્થિત પ્રચાર કરવામાં આવે છે. મહાન બનવાનો અંતિમ ત્રીજો તબક્કો સૌથી મહત્ત્વનો છે, કારણકે હવે પ્રગતિ ચરમસીમા પર પહોંચે છે. મહાન સંતની ઉપાધિ પ્રાપ્ત કરવા માટે જમીનના સોદા કરવામાં આવે છે. તગડું બૅંક બેલેન્સ રાખવામાં આવે છે અને પોતાની અંગત સિક્યોરિટી રાખવામાં આવે છે. આ સ્ટેજ પર પહોંચ્યા પછી કશું કરવાનું રહેતું નથી. લોકો આપોઆપ તેમનાં ચરણોમાં આળોટવા લાગે છે.

ઘણું લખવા છતાં મહાન માણસોના સદ્‌ગુણોની યાદી અપૂર્ણ જ રહેવાની.

■ **ડૉ. ઘનશ્યામ દોશી** (મો.: ૦૯૪૨૬૨૬૨૧૫૭)

## ખાસ જણાવવાનું કે

**જે.જે.સી.-લે. વિં. મહેસાણા:** સ્નેહકુંજ-૨૦૦૯ના રિપોર્ટમાં (ઑક્ટોબર-૨૦૦૯) સરતચૂકથી ઉલ્લેખ રહી ગયો તે પ્રમાણે સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે જેમણે અથાક મહેનત કરીને ભાર ઉપાડ્યો તેવા પ્રોજેક્ટ ચૅરમૅન શ્રીમતી ભાવના એ. હરડે અને સોવેનિયર કમિટીનાં ચૅરમૅન શ્રીમતી આશા એચ. શાહનું ખૂબ ખૂબ અભિવાદન. સેન્ટ્રલ બોર્ડની અઠવાડિક મિટિંગમાં આ કાર્યક્રમ વિશે ચર્ચા નીકળતાં ઉપરનાં બન્ને નામનો ઉલ્લેખ ભારપૂર્વક કરવામાં આવ્યો ત્યારે ખ્યાલ આવ્યો કે બન્ને બહેનોને અભિવાદન કરવાનું સરતચૂકથી રહી ગયું છે. સેન્ટ્રલ બોર્ડ આવી નિષ્ઠાપૂર્વકના Devotionની દરેક પાસેથી આશા રાખે છે. ધન્યવાદ.

# કાર્તિક સુદ પૂનમ – પટ્ટદર્શન

જૈન ધર્મના શાશ્વત તીર્થ ગિરિરાજ શત્રુંજયની પવિત્ર યાત્રા, પટ્ટનાં દર્શન સાથે કાર્તિક સુદ પૂનમથી શરૂ થઈ ગઈ. દુનિયાભરમાંથી જૈનો જ્યાં સુધી પાલિતાણા શત્રુંજય તીર્થ પર દાદાનાં દર્શને ન આવે ત્યાં સુધી અધૂરા રહે છે. આ અલૌકિક તીર્થનો ઉદ્ધાર સર્પિણીકાળમાં કોણે અને ક્યારે કરાવ્યો તે વિશે થોડું જાણીએ.

**ગિરિરાજ શત્રુંજય** એક અદ્‌ભુત અને અત્યંત પવિત્ર તીર્થ છે. અસંખ્યાતા મનુષ્યો આ તીર્થની યાત્રા કરીને આ તીર્થો પર સિદ્ધપદને પામ્યા છે, તેમ જ આ તીર્થના અસંખ્યાતા ઉદ્ધાર પણ થયા છે.

વર્તમાન અવસર્પિણી કાળમાં ૧૬ (સોળ) ઉદ્ધારો થયા છે. (૧) ભગવાન શ્રી ઋષભદેવસ્વામીના પુત્ર ભરતચક્રવર્તીએ પહેલો ઉદ્ધાર કરાવ્યો (૨) તેમની આઠમી પાટે દંડવીર્ય રાજાએ બીજો કરાવ્યો (૩) પહેલા-બીજા તીર્થંકરના વચલા કાળમાં ઈશાનેન્દ્રે કરાવ્યો (૪) ત્યાર બાદ નવ ક્રોડ સાગરોપમ પછી મહેન્દ્રઇંદ્રે કરાવ્યો (૫) ૧૦ ક્રોડ સાગરોપમ પછી પાંચમા દેવલોકના ઇંદ્રે કરાવ્યો (૬) ૧ લાખ ક્રોડ વર્ષ બાદ ભવનપતિ નિકાયના ઇંદ્ર ચમરેન્દ્રે કરાવ્યો (૭) શ્રી અજિતનાથ ભગવાનના કાળમાં સગરચક્રવર્તીએ કરાવ્યો (૮) શ્રી અભિનંદનસ્વામીના કાળમાં વ્યંતરેન્દ્રે કરાવ્યો (૯) શ્રી ચંદ્રપ્રભુસ્વામીના શાસનમાં ચંદ્રયશા રાજાએ કરાવ્યો (૧૦) શ્રી શાંતિનાથ ભગવાનના પુત્ર ચક્રાયુધે ૧૦મો ઉદ્ધાર કરાવ્યો (૧૧) શ્રી મુનિસુવ્રતસ્વામીના શાસનમાં આઠમા બલદેવ શ્રી રામચંદ્રજીએ કરાવ્યો (૧૨) શ્રી નેમિનાથ પ્રભુના શાસનમાં પાંચ પાંડવોએ ૧૨મો ઉદ્ધાર કરાવ્યો (૧૩) ત્યાર બાદ ભગવાન શ્રી મહાવીરસ્વામીના શાસનમાં પાંચમા આરામાં વિ. સં. ૧૦૮ની સાલમાં શ્રી વજ્રસ્વામીના સદુપદેશથી મધુમતી નિવાસી જાવડશાએ ૧૩મો ઉદ્ધાર કરાવ્યો (૧૪) પરમાર્હત કુમારપાળ મહારાજાના સમયમાં વાગ્ભટ્ટ મંત્રીએ વિ.સં. ૧૨૧૩માં ૧૪મો ઉદ્ધાર કરાવ્યો (૧૫) વિ. સં. ૧૪૪૧માં સમરશાએ કરાવ્યો (૧૬) વર્તમાનમાં જે ચાલુ છે તે ૧૬મો ઉદ્ધાર વિ. સં. ૧૫૮૭ના વૈશાખ વદ ૬ના ચિત્તોડના શ્રેષ્ઠી શ્રી કરમશાહે કરાવ્યો (૧૭) હવે ૧૭મો ઉદ્ધાર પાંચમા આરાના અંતે દુપ્પસહસૂરિજીના ઉપદેશથી વિમલવાહન રાજા કરાવશે. *(સૌજન્ય: જે.જે.સી.-કોલકાતા)*

ચાતુર્માસ દરમિયાન પહાડયાત્રા નિષેધ હોઈ, દાદાનાં દર્શન વિના વિહ્વળ બનેલા અસંખ્ય ભાવુકોની લાગણીને વાચા આપી છે શ્રી યતીશ શાહે. આ તીર્થ પર દ્રવિડ અને વારિખિલ્લ દશ કરોડ મુનિઓ સાથે નિર્વાણ પામેલા. ઋષભદેવ પ્રભુની યાદમાં ૯૯ યાત્રાનો પ્રારંભ થાય છે.

દરેક દેરાસરોમાં સ્તુતિ અને સ્તવનના પાઠ થાય છે. ઘણા ભાવિકો ચૌદસ અને પૂનમ, એમ બે દિવસના છઠ્ઠ ઉપવાસ કરશે.

**હુકમ દાદાનો**

હુકમ થયો દાદાનો આજ, પાલિતાણા પહોંચ્યો દર્શન કાજ
દૂરથી જોયો શેત્રુંજય પહાડ, ટાઢક થઈ જીવને અપાર
પાછલા શિખરે છે દાદાનો દરબાર, આગળ સંત્રી નાનો પહાડ
શત્રુંજય નદી કરી પસાર, પાવનભૂમિમાં કર્યો પ્રવેશ
તળેટીએ જોયું ઉન્નતિનું દ્વાર, ચોવીસે તીર્થંકરને કર્યા પ્રણામ
આદેશ્વર દાદાની બોલાવી જય, શુભ યાત્રાની કરી શરૂઆત
શ્વાસભેર ચઢી કપરા ચઢાણ, આવ્યો જ્યાં હિંગરાજનો હડો
દાદાનો જાણે ફર્યો હાથ, કઠિન યાત્રા થઈ પછી આસાન
સિદ્ધ, દેવીદેવતા, જ્ઞાની પંડિત, સાધુસંતોને સમરી કરું નમન
થોડા સીધા રસ્તે કે વાંકાચૂંકા રસ્તે ચઢી પહોંચ્યો નવટૂંકની પાસ
હનુમાન ધારા પાસે લીધો વળાંક, સામે જ હતો દાદાનો દરબાર
ભૂલી સઘળો થાક, અધીર થયું મન દાદાને ભટવાને કાજ
અનેક દેરાસર અને ભૂમતિની દેરીઓ વચ્ચે હતું દેરાસર દાદાનું
પ્રેમ, કરુણાસભર, મર્માળુ હસતી હતી સામે જ દાદાની મુરત
તૂટી ગયા સઘળા બાંધ, વહી નીકળ્યા આંખોથી અશ્રુ અપાર
થયો દાદા તણી ભક્તિમાં લીન, ઠાલવ્યા બધા આશ ને અરમાન
ખૂલી આંખ ને જોયું આસપાસ, યાચક થઈ ઊભા સહુ કોઈ
નહીં ઠેલે દાદા કદાપિ કોઈનો હાથ, સહુને હતો અટલ વિશ્વાસ
ભીડભંજક તો છે ભીડ હરનાર, પથદર્શક છે ભવઅટવીનો નાથ
દુઃખીજનોને પરમ શાતા દેનાર, દાદા તો છે સહુના તારણહાર
વહેલાં દર્શને બોલાવજે દાદા, એવું વીનવી વીરમું આજ
વાંછી સહુ જનોનું કલ્યાણ, દાદા લઉં તુજથી આજ વિદાય

**– યતીશ શાહ**

- હજારો દિયે કી આરતી તો બહુત બાર મંદિરો મેં જલાયી, એક બાર કીસી ગરીબ કી ઝોપડી મેં દિયા જલાકે દેખો.
- વો ધર્મ કભી ધર્મ નહીં હોતા જો મંદિરો મેં ભોગ ચઢાયે ઔર ભૂખે આદમી કો ધક્કા માર કે બહાર નિકાલે.
- પગમાં વાગેલા કાંટાનો ડંખ થોડા કલાકો સુધી પજવે છે, પણ માનવીના હૃદયને વાગેલા શબ્દોના ડંખની ચોટ તો તેને જીવનભર સતાવે છે.
- સુખ મેં ના ખુસી, દુઃખ મેં ન ગમ, યહી હૈ સચ્ચે મનુષ્ય કા મર્મ.

# વો દિન અબ બહુત દૂર નહીં હૈ

## AN AGREEMENT – કરારનામું

આપણી મૂળ સંસ્કૃતિને ટલ્લે ચડાવીને સ્વાશ્રય બાબત જે રીતે આપણે પ્રગતિ કરી રહ્યા છીએ(!) અને જે રીતે આપણે આપણી નવી પેઢીને તૈયાર કરી રહ્યા છીએ તે જોતાં હવે એ દિવસો દૂર નથી કે આ કરારનામા પર આપણે સહી કરીને અમલમાં મૂકવો પડે. તો થોડાં વર્ષોમાં તૈયાર રહેજો. આમાં જો કોઈ નવી કલમ ઉમેરવી પડે તેમ હોય તો આપણા સુજ્ઞ વાચકોએ વિનાસંકોચે જણાવવી. – તંત્રી

**જે કરારપત્ર પર નોકરીએ રહેનારની સહી લેવાની છે તે નીચે પ્રમાણે છે :**

**ઘરકર્મચારીની નોકરીની સ્વૈચ્છિક ઉદાર શરતો**

શેઠશ્રી...

હું આપને ત્યાં નીચેની શરતોએ ઘરનું કામ કરવા ખુશી છું :

૧) હું નોકરીએ રહું ત્યારથી મારાં પોતાનાં કપડાં પહેરી શકીશ નહિ – ભલે હું માત્ર એક દિવસ નોકરી કરીને ચાલ્યો જાઉં તોપણ આપનાં જ કપડાં પહેરવા બંધાઉં છું.

૨) મારે દર પંદર દિવસે વાળ કપાવવા જ પડશે અને તે અંગે લીધેલાં નાણાંથી સસ્તા દરે વાળ કપાવું તો જ વધારાનાં નાણાં હું મારી પાસે રાખી શકું.

૩) પૈસા માગવાની બાબતમાં, જો મેં પંદર દિવસ સળંગ નોકરી કરી હશે તો મને બે મહિનાના પગાર જેટલી રકમથી વધુ રકમ ઉધાર માગવાનો કોઈ હક નથી – સિવાય કે જો મારાં મા-બાપ મારું લગ્ન એકાએક ગોઠવે તો મને પાંચ હજાર રૂપિયાથી વધુ રકમ માગવાનો અધિકાર નહિ રહે.

૪) આવી રકમ ઉધાર લીધા બાદ હું પાછો નોકરીએ આવું તે વખતે મારા પગારમાંથી સોથી વધુ નહીં એટલી રકમ દર મહિને દેવા પેટે કાપી લેવાની છૂટ રહેશે.

૫) અઠવાડિયે હું એકથી વધુ દિવસ કહ્યા વગર ગેરહાજર રહી શકું નહિ, તેમ જ કુલે મહિનામાં પાંચ દિવસથી વધુ હું ઘરમાં કોઈને જણાવ્યા વગર બહાર રહી શકું નહિ – સિવાય કે મારે ઘેરથી મારા ભાઈ પર કાગળ હોય તો અનાજ દળવાની ઘંટી પરથી, ત્યાં જ લોટ મૂકીને, હું બારોબાર મારે ગામ જઈ શકું. આ અંગેની ખબર એક અઠવાડિયામાં ન આપી શકું તો જ આપ નવો નોકર રાખી શકો. (અત્રે નોંધ લેવી કે 'ભાઈ' એટલે સગો નહિ, પણ અમારા ગામનો કોઈ પણ નોકર 'ભાઈ' જ ગણાય છે.)

૬) સાબુ, તેલ, કાંસકી વગેરે હું મારાં વાપરી શકું નહિ; 'આરોગ્ય અને સ્વચ્છતાની દૃષ્ટિએ' આ વસ્તુઓ શેઠની જ વાપરવા બંધાઉં છું.

૭) જ્યારે જ્યારે કોઈ પણ મહેમાન માટે ચા મૂકવાની હોય ત્યારે ત્યારે મારા પોતાના માટે એક કપથી વધુ ચા મૂકી શકું નહિ.

૮) મારાં મિત્રો કે સગાં બહારગામથી એકાએક આવે તો તેમને બે દિવસથી વધારે સમય મહેમાન તરીકે ઘરમાં રાખી શકું નહિ. ઘરમાં બધા જમતા હોય તેનાથી જ તેઓએ ચલાવી લેવું જોઈશે.

૯) આપને ત્યાં બહારગામથી આવતા મહેમાનો બોણી આપવી ભૂલી જાય તો દર મહેમાન દીઠ આપની પાસે દશ રૂપિયાથી વધુ માગી શકું નહિ.

૧૦) અઠવાડિયામાં એકથી વધુ ફિલ્મ જોઉં તો તેનાં નાણાં મારા પગાર પેટે કપાશે. ઉપરાંત બીડીના ખરચના અરધા પૈસા પણ મારા પગાર પેટે કાપી શકાશે.

૧૧) અને છેલ્લે. મને આપનો કે શેઠાણીનો સ્વભાવ અનુકૂળ ન આવે અને મહિનાની અધવચ હું ચાલ્યો જાઉં તો બાકીના દિવસોનો પગાર કાપી શકાશે, પરંતુ જો આપને કે શેઠાણીનો મારો સ્વભાવ કે કામ અનુકૂળ ન આવ્યું અને જો મને રજા આપવામાં આવે તો, મહિનાના બાકીના દિવસોનો અથવા પંદર દિવસનો પગાર – જે વધુ હોય તેથી વધુ માગી શકું નહિ.

**(નોકરની સહી કે અંગૂઠાનો નિશાન)**

અમને ખાતરી છે કે આવી કડક શરતો પર સહી કરવા કોઈ પણ નોકર તૈયાર ન થાય, પરંતુ અમુક ગરજુ નોકરો તો જરૂર સહી કરશે અને એક વાર સહી કરતા થયા પછી રિવાજ પડી જશે.

**■ પ્રેષક : શ્રી નાનુભાઈ સંઘવી**

## મૌન

મૌનમાં એક દિવ્ય શક્તિ છે. મૌન આત્મગ્લાનિથી બચાવે છે. ક્રોધની ક્ષણમાં મૌન રહેવાથી અનેક આપત્તિઓથી બચી શકાય છે. મૌન ક્રોધ પર નિયંત્રણ રાખવાનું શીખવે છે. મૌન વ્યર્થ વિવાદોથી બચાવે છે. મૌન આત્મચિંતનનો સુઅવસર પ્રદાન કરે છે. મૌન એ મનનો વિશ્રામ છે. મૌન મનુષ્યને મહામાનવ બનાવે છે.

When I Asked God for Strength
**He Gave** Me Difficult Situations to Face
When I Asked God for Brain & Brown
**He Gave** Me Puzzles in Life to Solve
When I Asked God for Happiness
**He Showed** Me Some Unhappy People
When I Asked God for Wealth
**He Showed** Me How to Work Hard
When I Asked God for Favors
**He Showed** Me
Opportunities to Work Hard
When I Asked God for Peace
**He Showed** Me How to Help Others
**God Gave Me Nothing I Wanted**
**He Gave Me Everything I Needed**

■ **શ્રી રમેશ શાહ**

## ''આદત''

ચૂપ રહીને સહન કરવાની આદત થઈ ગઈ છે હવે,
જેવું દીધું તેવું પ્રભુ! જીવન જીવવાની આદત થઈ ગઈ છે
હવે... ચૂપ રહીને...
કોઈની આંગળીએ ભરી સૌ પહેલી પા-પા પગલી.
જીવનની અંતિમ પળે લાકડીની આદત થઈ ગઈ છે
હવે... ચૂપ રહીને...
સવાર પડે ને દોડવા માંડે છે સહુ,
ને હવે મનેય દોડવાની આદત થઈ ગઈ છે
હવે... ચૂપ રહીને...
ખબર છે મને કશ્તી ડૂબી જ જવાની છે મધદરિયે,
છતાં સઢ વગરના વહાણ ચલાવવાની આદત થઈ ગઈ છે
હવે... ચૂપ રહીને...
તનેય મજા પડે છે કઠપૂતળીનો 'ખેલ' ખેલવાની 'ખુદા',
ને મનેય હવે કઠપૂતળી બનવાની આદત થઈ ગઈ છે
હવે... ચૂપ રહીને...
સાંભળ્યું છે ખુદ શંકરે પીધું'તું ઝેર એકવાર 'મુકેશ'
મને તો અહીં કંઠથી નીચે ઉતારી ઝેર,
રોજ રોજ પચાવવાની આદત થઈ ગઈ છે
હવે... ચૂપ રહીને...

■ **રચના : મુકેશ મણિયાર**

# ''રસથાળ''

## બદામપાક

● **સામગ્રી** : ૧ કપ બદામનો ભૂકો, પોણો કપ ખડીસાકરનો ભૂકો, ૨ ચમચા દૂધ, ૧ ટેબલસ્પૂન ઘી, પા ટેબલસ્પૂન ઇલાયચી પાઉડર, કેસર જરૂર મુજબ, ચાંદીનો વરખ તથા પિસ્તાની કતરણ ગાર્નિશિંગ માટે.

● **રીત** : બદામને ક્રશ કરી ભૂકો કરી ચોખાની ચારણીથી ચાળી લ્યો. એક નોન-સ્ટિક પેનમાં સાકર નાખી દૂધ ઉમેરો. ધીમા તાપે એક થી દોઢ તારની ચાસણી કરો. ત્યાર બાદ બદામનો ભૂકો ઉમેરી નીચે ઉતારી લ્યો. એક ટેબલસ્પૂન ઘી ઉમેરો. થોડું હલાવો, ઇલાયચી પાઉડર તથા કેસર ઉમેરી હલાવો. થાળીમાં ઘી લગાવી ઠારી લ્યો. વાડકીના તળિયે ઘી લગાવી એકસરખું કરી લ્યો. ચાંદીના વરખ અને પિસ્તાની કતરણથી ગાર્નિશ કરો. પીસ કરી ડબ્બામાં ભરી લ્યો. શિયાળામાં બાળકોને ''બદામપાક'' જરૂરથી આપો.

## કાચા ગુંદરની પેંદ

● **સામગ્રી** : ૧ લિટર દૂધ, ૨૦૦ ગ્રામ ગુંદર (ભૂકો કરીને ચાળેલો), ૫૦ ગ્રામ કાજુ-બદામનો અધકચરો ભૂકો, ૩ ચમચી સૂંઠ-ગંઠોડાનો મિક્સ પાઉડર, ૨૫૦ ગ્રામ ખડીસાકર (અધકચરી ખાંડીને), ૧ કાચલી ટોપરાનું છીણ, ૧૫૦ ગ્રામ ઘી (ત્રણ ચમચા).

● **રીત** : એક મોટા નોન-સ્ટિક પેનમાં ૨ ચમચા ઘી મૂકી ચાળેલો ગુંદર નાખવો. ઘી અને ગુંદર મિક્સ થઈ જાય એટલે તરત જ દૂધ નાખી દેવું (યાદ રાખો કે ગુંદરને ફુલાવવાનો નથી), દૂધ અડધું બળી જવા આવે ત્યાં સુધી સતત હલાવતા રહેવું. ત્યાર બાદ સાકર નાખી હલાવતા રહેવું. એક થી દોઢ તારની ચાસણી થવા આવે એટલે બાકીનું ઘી ઉમેરવું (બીજા વાસણમાં સૂંઠ-ગંઠોડાનો પાઉડર તથા ટોપરાનું છીણ મિક્સ કરી લેવું). પેનની કિનારી છોડે અને ઘી છૂટું પડે એટલે ગૅસ ધીમો કરી તૈયાર કરેલ મિશ્રણ ઉમેરવું. ઘી છૂટું પડે એટલે નીચે ઉતારી લેવું. ડબ્બામાં ભરી લેવું.

એડ્રેસ : શ્રીમતી કાશ્મીરા આર. હરડે
સમક્તિ, પટવા પોળ, આઝાદ ચોકની બાજુમાં,
મહેસાણા – ૩૮૪૦૦૧.
મો.: ૦૯૪૨૮૯૬૦૩૩૩

# શારીરિક વિકલાંગો માટે મેગા કૅમ્પ

તીર્થોમાં ઉત્તમોત્તમ શત્રુંજય તાર્થ! અને ક્ષત્રુંજય પર્વતની તળેટીમાં પવિત્ર પાલિતાણા જૈનોનું અજોડ તીર્થધામ. ભાવનગર જિલ્લામાં આવેલા પાલિતાણા ખાતે શારીરિક વિકલાંગો માટે મોટા પાયે કૅમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ કૅમ્પમાં ૧) પગની તકલીફવાળાઓને તેમ જ પોલિયોને કારણે અપંગતા આવી હોય તેમની તકલીફોનું નિદાન કરીને કેલીપર્સ, કાંખઘોડી, વ્હીલચૅર, જયપુર ફૂટ તથા ટ્રાઈસાયકલનું વિતરણ કરવામાં આવશે.

૨) કાનની બહેરાશવાળી વ્યક્તિઓને યોગ્ય નિદાન કરી શ્રવણયંત્ર (હિયરિંગ એઈડ) આપવામાં આવશે.

આ કૅમ્પ દ્વારા ૨૫,૦૦૦ વિકલાંગોને લાભ મળશે.

સેવાના આ મહાયજ્ઞમાં નાતજાતના કે ધર્મના કોઈ ભેદભાવ વગર પુરુષ, સ્ત્રી, નાના-મોટા સહુને મદદ કરવામાં આવશે.

ડિસેમ્બર, તા. ૨૩-૧૨-૨૦૦૯ના શુભ દિને આ મહાયજ્ઞની શરૂઆત થશે. આ પ્રસંગે દેશ-પરદેશના અગ્રણીઓ, નેતાઓ તેમ જ સંતો વગેરે પાલિતાણા પધારે તેવું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કૅમ્પ સુંદર રીતે સફળ થાય એ માટે ભારત અને ભારત બહારની અનેક સંસ્થાઓનો સહકાર પ્રાપ્ત થયો છે.

આપ આ ઉમદા કાર્યમાં સહભાગી થઈને અપંગ અને નિઃસહાયને સહાય આપીને પુણ્ય ઉપાર્જન કરો. આપના તરફથી અપાયેલ સહાય એમના જીવનમાં આનંદની રોશની પ્રગટાવી શકશે.

આભાર સહ

| | |
|---|---|
| **જે.જે.સી.-સેન્ટ્રલ બોર્ડ** | **જે.જે.સી.-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ** |
| **જિતેન્દ્ર કોઠારી** | **કિરણ શાહ** |

## આપના તરફથી નીચે મુજબના દાનની અપેક્ષા છે

---

## I would like to make the following contribution towards your Mobility Camps for Handicapped Children

| | |
|---|---|
| 1 Hearing Aid (Average) | Rs. 1200 |
| 1 Pair of Crutches | Rs. 300 |
| 1 Wheelchair | Rs. 3900 |
| 1 Tricycle | Rs. 4200 |
| 1 Polio Calipers | Rs. 1750 |
| 1 Jaipur Foot with Sports shoes | Rs. 1650 |
| | Rs. ____________ |

By Cash Rs.: ______________ Cheque: ______________

**SENDER :**

Name : ______________________________

Postal Address : ______________________________

______________________________

Telephone : ______________ E-mail: ______________

**Federal Tax ID No. 20-02805179 TAX EXEMPTION VAILABLE**

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

લગ્નઈચ્છુક યુવક-યુવતીઓની યાદીમાં છપાવવા માટે નામ મોકલનાર વડીલોને ખાસ વિનંતી કે BIO-DATAમાં મોકલનારનું નામ, સહી તેમ જ ફોન નંબર/મોબાઈલ નંબર સ્વચ્છ અક્ષરમાં મોકલે. જે.જે.સી.- સેન્ટ્રલ બોર્ડની ઑફિસ દ્વારા તેઓનો સંપર્ક ટેલિફોન દ્વારા થયા બાદ જ તેમની વિગત ''જાગૃતિ સંદેશ''માં છાપવામાં આવશે. BIO-DATA મોડામાં મોડા દરેક મહિનાની ૩૦ તારીખ સુધીમાં ઑફિસમાં મળી જવો જોઈએ. મોડી Entry ત્યાર પછીના અંકમાં છાપવામાં આવશે.

## યુવતી

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | ભાવિકા વિનયભાઈ શાહ, ૨૪-૧૨-૧૯૮૪, ૫'-૦''<br>Home Science, Interior Designing & Decoration - Tution | વીસા શ્રી. શ્વે. દેરા. જૈન<br>ખંભાત – કાંદિવલી (ઈ) | (ઘર) ૨૮૮૭૦૨૪૫<br>(મો) ૯૮૨૧૩૮૨૦૩૯ |
| ૨) | હેજલ સુધીરચંદ્ર શાહ, ૪-૪-૧૯૮૨, ૫'-૩''<br>M.Com., C.A., – સર્વિસ | દેરાવાસી જૈન<br>ભરૂચ – અંધેરી (વેસ્ટ) | (ઘર) ૯૮૭૦૦૮૦૨૮૯<br>(મો) ૯૮૨૦૧૨૫૧૯૯ |
| ૩) | જિજ્ઞા ચંદ્રકાંતભાઈ નાગરિયા, ૨૧-૯-૧૯૮૦, ૫'-૩''<br>B.Com., – (બાર મહિનામાં નિર્દોષ છૂટાછેડા લીધેલ છે) | દશા શ્રીમાળી દેરા. જૈન<br>લાઠી – ઘાટકોપર (વેસ્ટ) | (ઘર) ૨૫૧૫૧૧૮૩<br>— |
| ૪) | પાયલ વિજયભાઈ ઝવેરી, ૧૭-૪-૧૯૮૧, ૫'-૪''<br>B.Com., M.B.A., INIFD Pre for USA – (ઘર-૨૦૬૨૫૭૮૯) | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>પાટણ – વરલી (મુંબઈ) | (ઘર) ૨૪૯૮૫૭૮૯<br>(મો) ૯૮૯૨૯૬૬૭૭૯ |
| ૫) | સોનલ અશોક મહેતા, ૧૨-૫-૧૯૭૭, ૫'-૨''<br>બી.કૉમ., કૉમ્પ્યુટર ઑપરેટિંગ-ગ્રાફિક્સ-એકાઉન્ટિંગ | દશા શ્રીમાળી વૈષ્ણવ<br>ભુંભલી – ઘાટકોપર | (ઘર) ૨૫૦૬૨૨૨૦<br>(મો) ૯૮૯૨૦૦૨૬૬૦ |
| ૬) | ફોરમ મનહરભાઈ પારેખ, ૨૮-૩-૧૯૮૧, ૫'-૫''<br>B.A. Home Science – બ્યૂટિશિયન | દશા શ્રીમાળી દિગ. જૈન<br>લાઠી – વિલે પાર્લે (વેસ્ટ) | (ઘર) ૩૨૪૨૪૯૯૦<br>(મો) ૯૩૨૨૧૨૫૪૮૬ |
| ૭) | હીરલ અશોકભાઈ શાહ, ૬-૧૨-૧૯૮૨, ૫'-૩''<br>B.Com., Fashion Design, Basic, Tally, – (શનિ છે) | દ. શ્રી. શ્વે. મૂ. પૂ. જૈન<br>ચોટીલા – વડોદરા | (ઘર) ૦૨૬૫-૨૪૮૧૦૨૯<br>(મો) ૯૮૨૫૧૯૧૮૮૧ |
| ૮) | જિજ્ઞા કિશોરભાઈ ગાંધી, ૨૨-૧-૧૯૮૫, ૫'-૨''<br>B.C.A., M.Sc. (ICT), – (સર્વિસ) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સુરેન્દ્ર નગર – સુરત | (ઘર) ૦૨૬૧-૨૨૩૭૫૫૫<br>(મો) ૯૮૨૫૨૧૭૪૪૪ |
| ૯) | જલ્પા મહેન્દ્રભાઈ લાખાણી, ૧-૧૦-૧૯૭૯, ૫'-૫''<br>T.Y.B.Com., – | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>દુધાલા – સાંતાક્રુઝ (વેસ્ટ) | (ઘર) ૨૬૦૫૫૬૩૦<br>— |
| ૧૦) | કૃપા કિશોરભાઈ ગાંધી, ૧૧-૭-૧૯૮૦, ૫'-૩''<br>B.Com., – (સર્વિસ) (છૂટાછેડા લીધેલ છે) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સુરેન્દ્રનગર – સુરત | (ઘર) ૦૨૬૧-૨૨૩૭૫૫૫<br>(મો) ૯૭૧૨૧૭૭૪૪૪ |
| ૧૧) | કિંજલ ભરતભાઈ શાહ, ૧૮-૧૦-૧૯૮૧, ૫'-૨'' (મંગળ છે)<br>B.A., M.A., ECCEd, – (સર્વિસ – રિસોર્સ મૅનેજર) | વીસા ઓસવાલ જૈન<br>વીસનગર – ગોરેગામ | (ઘર) ૬૬૭૯૮૫૪૬<br>— |
| ૧૨) | મીતા પ્રમોદરાય ગાંધી, ૨૮-૩-૧૯૮૦, ૫'-૦''<br>S.S.C., – | દશા શ્રીમાળી દેરા. જૈન<br>બાંટવા – બોરીવલી | (ઘર) ૨૮૩૩૫૭૬૧<br>(મો) ૦૯૨૨૪૮૧૯૯૭૯ |

# યુવક

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | અંકિત રમેશભાઈ શાહ, ૧૪-૪-૧૯૮૩, ૫'-૫''<br>MBA (Finance), B.E. (Telecom), – **સર્વિસ** | શ્રી ઘોઘારી વીસા દેરા. જૈન<br>પાલિતાણા – અંધેરી (વે) | (ઘર) ૨૬૭૭૭૧૯૧<br>(મો) ૯૮૬૯૦૦૧૯૯૨ |
| ૨) | ચેતન એચ. શાહ, ૨૯-૭-૧૯૭૫, ૫'-૬''<br>B.Com., – પોતાનો બિઝનેસ (નિર્દોષ ડાયવોર્સી) | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>લાઠીદળ – બોરીવલી | —<br>(મો) ૯૮૬૯૫૨૯૮૦૦ |
| ૩) | દેવાંગ મહેન્દ્રભાઈ ભણશાલી, ૨૭-૩-૧૯૭૧, ૫'-૫''<br>S.Y.B.Com., Computer Course, – **સર્વિસ (હળવો મંગળ છે)** | દશા શ્રીમાળી દેરા. જૈન<br>પોરબંદર – અંધેરી (ઈસ્ટ) | (ઘર) ૨૬૮૭૮૦૦૯<br>— |
| ૪) | હાર્દિક રાજેન્દ્રભાઈ શાહ, ૨૪-૩-૧૯૮૩, ૫'-૫''<br>B.E. Computer, M.Tech., Bio in Formatic – **બિઝનેસ-સર્વિસ** | દેરાવાસી જૈન<br>પેઠાપુર-તારદેવ (મુંબઈ) | (ઘર) ૨૩૮૦૩૪૨૯<br>(મો) ૯૩૨૩૧૦૩૪૨૯ |
| ૫) | હિતેષ મહેન્દ્રકુમાર શાહ, ૩૧-૮-૧૯૭૮, ૫'-૩.૫''<br>B.Com. – **બિઝનેસ** | દશા ઓ. શ્વેતાંબર જૈન<br>પાટણ-ઝવેરી બજાર-મુંબઈ | (ઘર) ૨૩૪૧૫૪૦૩<br>(મો) ૯૮૨૦૩૩૨૮૧૭ |
| ૬) | મેહુલ અરુણકુમાર ખાખરિયા, ૨૩-૨-૧૯૭૮, ૫'-૩''<br>B.Com., – **સર્વિસ – ઈમિટેશન જ્વેલરી** | જૈન<br>વરતેજ – ડોંબિવલી | (ઑ) ૬૭૦૩૭૪૭૨<br>(મો) ૯૮૨૦૧૪૬૩૧૯ |
| ૭) | મનીષ મહેન્દ્રભાઈ શાહ, ૧૮-૯-૧૯૭૯, ૫'-૫''<br>M.A., B.Ed., – **પ્રાથમિક શિક્ષક** | વીસા શ્રી. મૂ. પૂ. દે. જૈન<br>વિંછિયા – વિંછિયા | (મો) ૯૯૭૯૦૧૧૬૯૯<br>૯૪૨૮૪૯૪૦૨૭ |
| ૮) | પારસ પ્રભુલાલ મોરબિયા, ૨૧-૧૧-૧૯૮૧, ૫'-૩''<br>એસ.એસ.સી. પાસ (ગુજરાત), બિઝનેસ (રેડિમેડ ગાર્મેન્ટ) | કચ્છ વાગડ સ્થા. જૈન<br>રાપર – દાદર (વેસ્ટ) | (ઘર) ૨૨૯૫૪૩૫૯<br>(મો) ૯૮૧૯૮૨૦૯૨૧ |
| ૯) | સંપ્રતિ કિશોરભાઈ ગાંધી, ૧૭-૨-૧૯૮૧, ૫'-૮''<br>B.E.,M.I.S. Adv. (ગ્રીફિથ યુનિ.), સર્વિસ (બ્રીસબીન ઑસ્ટ્રેલિયા) | વીસા નીમા શ્વે. દેરા. જૈન<br>વેજલપુર – અંધેરી (ઈ) | (ઘર) ૨૮૨૦૪૧૮૫<br>(મો) ૯૮૩૩૯૨૭૦૪૯ |
| ૧૦) | વિશાલ હસુભાઈ શાહ, ૨૧-૯-૧૯૭૮, ૫'-૬''<br>બી.કૉમ., કૉમ્પ્યુટર કોર્સ, પોતાનો બિઝનેસ | દેરાવાસી જૈન<br>લાઠીદળ – બોરીવલી | —<br>(મો) ૯૮૧૯૬૫૭૦૪૯ |
| ૧૧) | વૈભવ અરુણકુમાર ખાખરિયા, ૨૨-૭-૧૯૭૬, ૫'-૪''<br>H.S.C.., – બિઝનેસ (છૂટાછેડા લીધેલ છે) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>વરતેજ – ડોંબીવલી | (ઘર) ૯૫૨૫૧-૨૪૩૬૪૨૯<br>— |
| ૧૨) | દેવેન્દ્ર શાંતિલાલ સંઘવી, ૨૫-૭-૧૯૭૮, ૫'-૧૦''<br>H.S.C., Dip. in Compu. Ope. (D.C.O.) – | જૈન<br>સાવરકુંડલા – માટુંગા | (ઘર) ૨૪૧૪૯૧૪૧<br>(ઑ) ૨૩૪૨૧૯૯૭ |
| ૧૩) | ચિંતન મહેશભાઈ શાહ, ૧૫-૯-૧૯૮૧, ૫'-૬''<br>B.Com., – **ડાયમંડમાં સર્વિસ** | દશા શ્રીમાળી દેરા. જૈન<br>વીજાપુર – કાંદિવલી | (ઘર) ૨૮૦૮૯૩૧૦<br>(મો) ૯૩૨૦૪૯૧૭૫૨ |
| ૧૪) | સચીન દિનેશ શાહ, ૨૭-૨-૧૯૭૯, ૫'-૭''<br>B.Com., – સોફ્ટવેર યુ.એસ.એ. સર્વિસ | શ્વેતામ્બર<br>ભુજ – મુંબઈ | (ઘર) ૨૮૩૮૭૮૩૮<br>(મો) ૯૮૨૧૦૨૪૩૯૦ |
| ૧૫) | સુમેશ પ્રકાશચંદ્ર શાહ, ૧૩-૧૨-૧૯૭૨, ૫'-૧૧''<br>B.E., – બિઝનેસ (છૂટાછેડા લીધેલ છે) | દિગંબર જૈન<br>દાહોદ – કાંદિવલી | (ઘર) ૨૬૬૧૫૧૨૨<br>(મો) ૯૮૨૦૦૩૪૪૨૮ |

## લેડિઝ વિંગ મહેસાણા દ્વારા આયોજિત સ્નેહસેતુ-૨૦૦૯માં હાયર એજ્યુકેશન અભિયાન સંબંધી આપેલી ટહેલના પ્રતિભાવમાં ત્યાં હાજર નીચેનાં સેન્ટરોએ તાત્કાલિક ચેક અર્પણ કરેલ

JJC-DIYODAR

| | |
|---|---|
| B. K. Za | 10000 |

JJC-MEHSANA

| | |
|---|---|
| Prakash Pravin Patwa | 1000 |
| Himanshu M. Shah | 1000 |
| Jitendra B. Shah | 1000 |
| Yashwant B. Shah | 5000 |
| Uday Sushil Shah | 5000 |
| JJC-Kolkata | 10000 |
| JJC-Kalol | 11111 |
| JJC-Madhapar | 2000 |
| JJC-Himmatnagar | 11111 |
| JJC-Elisbridge | 75000 |
| JJC-Botad | 5000 |
| JJC-Ladies Wing Mahesana | 15000 |
| Alkesh Gosaliya (Malwin Pharma) | 11000 |

JJC-KALANAGARI VADODRA

| | |
|---|---|
| Rameshbhai Bhavsar | 25000 |

JJC-PATAN

| | |
|---|---|
| Dr. Hemendra C. Mehta | 1500 |
| Careish S. Shah | 1500 |
| Vipul S. Shah | 1500 |
| Dr. Atul Shah | 1500 |
| Kamlesh B. Shah | 1500 |
| Rohit N. Shah | 1500 |
| Rajendra J. Shah | 1500 |
| Chinubuai N. Bhansali | 1500 |
| Dr. Jaswant K. Shah | 1500 |
| Mukesh J. Shah | 1500 |
| Tarak K. Shah | 1500 |
| Dr. Umeshbhai | 1500 |
| Mukesh S. Shah | 1500 |
| Manish D. Shah | 1500 |
| Suresh B. Shah | 1500 |
| Mehulbuai D. Shah | 1100 |
| Shripal D. Shah | 1000 |
| Jignesh T. Zaveri | 1000 |
| Nitinbhai V. Shah | 500 |
| Kishor Mehta | 500 |
| Prakashbhai | 500 |
| Kalpesh | 500 |
| Dinesh J. | 500 |
| Alpesh R. | 500 |
| Champaklal T. Shah | 500 |
| Anilbhai Shah | 500 |
| Kalpesh C. Shah | 500 |
| Prafulbhai P. | 500 |
| Dr. Dilipbhai Shah | 500 |
| Mahesh Sunilbhai | 750 |
| Birjubhai P. | 500 |
| Sanjaybhai N. Shah | 500 |
| Nirajbhai Shah | 500 |
| Rajubhai Zaveri | 500 |
| Harishbhai Shah | 500 |
| JJC-Patan | 152 |

## HIGHER EDUCATION DONATION - 2009

JJC - JUHU

| | |
|---|---|
| Dilip A. Mehta | 2000 |
| Kishor S. Sheth | 4000 |
| Madhavi Kishor Sheth | 4000 |
| Gautam Kishor Sheth | 3000 |
| Laxmidas L. Raveshia | 2500 |
| Uttamlal L. Shah | 2000 |
| Ramesh D. Dedhia | 2000 |
| Manilal K. Dedhia | 1000 |
| Asha P. Doshi | 1000 |
| Rajesh Mehta | 1000 |
| Ashit Kanakia | 1000 |
| Vinod L. Mehta | 1000 |
| Kantibhai Mehta | 3000 |
| Hasmukh Gada | 2000 |
| Chirag M. Savla | 1000 |
| Umesh K. Sheth | 2000 |
| Kusumben R. Desai | 1000 |
| Jagruti S. Shah | 1000 |
| Nimesh S. Zaveri | 1000 |
| Naresh B. Bhilota | 2000 |
| Dinesh M. Desai | 7000 |
| Jaikishor D. Vora | 1000 |
| Rajubhai Sanghvi | 2500 |
| Bhupendrabhai Mehta | 11000 |
| Amritlal Kotecha | 5000 |
| Sunilbhai Desai | 1000 |
| Nikunjbhai Doshi | 1000 |
| Minaben P. Sheth | 5000 |
| Heena P. Vora | 1000 |
| Ashok Patel | 1000 |
| Bhupendra P. Tolia | 2500 |
| Ashwin M. Shah | 1000 |
| Amit N. Shah | 2501 |
| Purnima D. Sheth | 5000 |
| Harshad J. Shah | 11000 |
| Vijay S. Ved | 2501 |
| Bhavesh Desai | 1500 |
| Jatin J. Mehta | 2500 |
| Bharti Dinesh Sheth | 11000 |
| Chandrakant A. Chheda | 2000 |
| Dilip M. Hemani | 2000 |
| Jitendra B. Deliwala | 5000 |
| Himmatlal H. Shah | 11000 |
| Jayantilal J. Turakhia | 5001 |
| Yogesh H. Kanani | 2500 |
| Sanjay R. Goyani | 2500 |
| Bela S. Goyani | 2500 |
| Prakash Dasadia | 2000 |
| Tejas R. Shah | 2000 |
| Dipti T. Shah | 2000 |

| | |
|---|---|
| Dharmesh R. Shah | 2000 |
| Ratul D. Shah | 2000 |
| Sharmila G. Kanabar | 2000 |
| Parkeen Bross. (Harishbhai) | 2500 |
| Krusnakumar N. Gandhi | 1000 |
| Shantilal J. Shah | 1000 |
| Pratibha K. Shah | 11000 |
| Rajen Kantilal Raveni | 5000 |
| Sarojben D. Shah | 5000 |
| Anil H. Shah | 1000 |
| Prabha H. Vora | 1000 |
| Nanda Ratilal Parmar | 1000 |
| Subhash C. Desai | 1000 |
| Hasmukh R. Shah | 1500 |
| Nalini C. Mody | 2000 |
| Prakash C. Mehta | 2000 |
| Girish A. Mehta | 2500 |
| Balchandra J. Shah | 2500 |
| Bhavna B. Doshi | 2500 |
| Bindesh B. Doshi | 2500 |
| Ketan C. Shah | 4000 |
| Pratibha K. Shah | 1000 |
| Arvind T. Patel | 1000 |
| Lilavati Pranlal Turakhia | 6000 |
| Deepak P. Turakhia | 5000 |
| Nitin M. Chudgar | 5000 |
| Mahendra H. Lakhani | 5000 |
| Mukesh Bhupatrai Mehta | 1000 |
| Manish Vakharia | 1000 |
| Himmat M. Davawala | 1000 |
| Ashok T. Shah | 1000 |
| Samir Narottam Shah | 2500 |
| Shital Samir Shah | 2500 |
| Kirit V. Sheth | 1000 |
| Pankaj K. Shah | 1000 |
| Naginbhai Ambavi | 1000 |
| Vanna Dilip Vasa | 1000 |
| Pradip Bhankharia | 1000 |
| Dolatbhai Desai | 1000 |
| Amar Pradeep Shobhani | 1000 |
| Sunil Zaveri | 1000 |
| Varsha Anil Sheth | 1500 |
| Sundeep K. Mehta | 5000 |
| Himanshu C. Shah | 5000 |
| Pravin B. Shah | 1000 |
| Bhupendra B. Mody | 2500 |
| Divyesh Ravesia | 2500 |
| Raik P. Parekh | 2000 |
| Shital H. Shah | 2000 |
| Mahendra K. Vora | 3000 |
| Jayant R. Mehta | 1500 |
| Kamlesh Jatakia | 2500 |
| Nimesh Jhaveri | 1000 |
| Bhupatbhai Bhaleria | 2500 |
| Vinodbhai Nisar | 5000 |
| Kishorbhai G. Sheth | 2500 |
| Dr. Ravindra Wagle | 2000 |
| Bharatbhai J. Shah | 1000 |
| Manojbhai Shah | 1000 |
| Prashantbhai Sanghavi | 2000 |
| Bipinbhai Dhariya | 1000 |
| Jayantilal P. Shah | 1000 |
| Dineshbhai Shah | 1000 |
| Kantibhai Mehta | 2500 |
| Sureshbhai Rathod | 2000 |
| Subodhbhai S. Shah | 1000 |
| Prakashbhai Doshi | 1000 |
| Harshadbhai Shah | 2500 |
| Anupbhai M. Desai | 2500 |
| Hitendrabhai M. Shah | 1000 |
| Ramnikbhai Mehta | 1000 |
| Jaivikbhai Shah | 1500 |
| Kiritbhai V. Sheth | 4000 |
| Manojbhai Dagli | 1000 |
| Dipakbhai Shah | 1000 |
| Arvindkumar Gotecha | 1000 |
| Rameshbhai Dedhia | 4000 |
| Sureshbhai Dedhia | 4000 |
| Mrs. S. R. Dedhia | 3000 |
| Milan Dhirajlal Shah | 1000 |
| Manilalbhai Dedhia | 1000 |
| Pareshbhai Trivedi | 1000 |
| Kishorbhai Chheda | 2500 |
| Rekhaben Chheda | 2500 |
| Jayeshbhai C. Shah | 3000 |
| Pareshbhai Shah | 1000 |
| Vijaybhai N. Shah | 1000 |
| Hiteshbhai M. Shah | 2000 |
| Maheshbhai Ajmera | 2000 |
| Pramodbhai Panihal | 2500 |
| Mr. Panchal | 2500 |
| Fenil Doshi | 1000 |
| Sanket Doshi | 1000 |
| Vinodbhai Mehta | 1000 |
| Milind Doshi | 1000 |
| Chetan Kesaria | 1100 |
| Gulabbhai Gala | 1000 |
| Bipinbhai V. Sheth | 2500 |
| Naliniben Sheth | 2500 |
| Kesal Jignesh | 2000 |
| Dilipbkumar F. Shah | 500 |
| Viresbhai B. Mehta | 500 |

JJC - DADAR

| | |
|---|---|
| Bharati Vinod Nisar | 5000 |
| Vipul Laxmichand Rambhia | 2000 |
| Jayantilal Keshavji Chhadwa | 5100 |
| Dasraj Randhir Gada | 2500 |
| chandrika Haresh Gada | 2000 |
| Nanalal Mahadev Bhansali | 5000 |
| Mansukh Bhimshi Shah | 1000 |
| Shreyas V. Parekh | 1000 |
| Ratilal Dedhia | 2000 |
| Velji H. Shah | 1000 |
| Amit Chandrakant Kubadia | 2500 |
| Matoshree Khamalben Velji Gover Shah | 11000 |
| Dinesh Lakhamshi Nandu | 5000 |
| Bhagwanji Somchand Shah | 2500 |
| Mahendra Popatlal | 1000 |
| Shailesh P. Nagaria | 1000 |
| Vasantbhai Premchand Mehta | 1000 |
| Ramnik C. Savla | 1000 |
| Yogendra M. Shah | 1000 |
| Jethalal V. Shah | 1111 |
| Jaysukh C. Gutka | 2501 |
| R. N. Chheda | 5000 |

| | |
|---|---|
| Vishal G. Parekh | 2500 |
| Jaysukh C. Gutka | 2501 |
| Rajesh K. Nandu | 2000 |
| Jitendra A. Mehta | 2500 |
| D. A. Morabia | 1000 |
| Harsha D. Mehta | 2000 |
| SHantilal B. Shah | 1000 |

## JJC - KARNAVATI

| | |
|---|---|
| Pravin J. Shah | 1000 |
| A. R. Mehta | 1000 |
| M/s. Bharat & Company | 1000 |
| Vaibhav A. Mehta | 1000 |
| Bharat Trading Co. | 1000 |
| Damyanti R. Mehta | 1000 |
| Sushilaben Kantilal Chimanlal Ch. Trust | 5000 |
| Champaklal Chunilal Charitable Trust | 11000 |
| Urmilaben Chimanlal Shah | 1000 |
| Jaswantbhai N. Mehta | 1000 |
| Anilbhai B. Shah | 1000 |
| Waghjibhai K. Mehta | 1000 |
| Vasantbhai K. Khandhar | 1000 |
| Vasantbhai A. Shah | 1000 |
| Mansukhbhai J. Shah | 1000 |
| Goodwind Travels P. Ltd | 5000 |
| Late Kamalben T. Shah | 2000 |
| Trilokbhai H. Shah | 2000 |
| Ilyokbhai T. Shah | 1000 |
| Kalpakbhai T. Shah | 1000 |
| Bhavnaben A. Shah | 1000 |
| Aditya K. Shah | 1000 |
| Shalaka A. Shah | 1000 |
| Rushi A. Shah | 1000 |
| Farnaz K. Shah | 1000 |

## JJC - AMRUTNAGAR

| | |
|---|---|
| JJC-Amrutnagar | 5011 |
| Anilkumar G. Doshi | 21000 |
| M/s. Ezeesoft Technologies | 11000 |
| Akas Jewels | 7500 |
| Rushabh Industries | 5000 |
| Petrochem Carriers | 5000 |
| Unviersal Engineering Corp. | 5000 |
| Ashok M. Nagaria | 3000 |
| Abhay Y. Shah | 3000 |
| Nirmalaben J. Vora | 3000 |
| Amit Mahendra Shah | 2100 |
| Bharat V. Shah | 2000 |
| Rajesh M. Shah | 2000 |
| Mehta Traders | 2000 |
| Jayantilal R. Sampat | 2000 |
| Rajnikant N. Doshi | 2000 |
| Charmee Malde | 1500 |
| Mita Jayantilal Patel | 1500 |
| Shailesh R. Vora | 1500 |
| Dinesh D. ZaTAKIA | 1501 |
| Vardhaman Agencies | 1500 |
| Shailendra N. Shah | 1000 |
| Jaydeep J. Sheth | 1000 |
| Shantiben Lalji Khetshi | 11000 |
| Jatin H. Doshi | 5000 |
| Amrish Gala | 2500 |
| Mapshi K. Chheda | 2000 |
| Shrikant S. Shah | 2000 |
| Narendra L. Maru | 2000 |
| Bhogibhai Doshi | 2000 |
| Shashikant V. Thakkar | 1511 |
| A Well Wisher | 1500 |
| Kirti G. Mehta | 1500 |
| Sadhana B. Vora | 1500 |
| Bhupendra J. Mehta | 1111 |
| Mahipatlal M. Doshi | 1001 |
| Dilip R. Vora | 1000 |
| Ambika Trading Co. | 1000 |
| Hansaben R. Sanghvi | 1000 |
| Shailesh F. Shah | 1000 |
| Rajnikant M. Shah | 1000 |
| Mulchand Sanghvi | 1000 |
| Arvind Sanghvi | 1000 |
| Kumudben R. Vora | 1000 |
| Himmatbhai Vora | 1000 |
| Niral P. Mehta | 1000 |
| Khushbu V. Muni | 1000 |
| Smt. Veenaben P. Vora Privar | 11000 |
| Well Wisher | 5000 |
| Smt. Indiraben M. Shah | 2500 |
| Mahesh Trading Co. | 2500 |
| Mahendra U. Khandhar | 2000 |
| Sukhlalbhai Doshi | 1500 |
| Nainaben D. Doshi | 1500 |
| Ashish C. Shah | 1500 |
| Bharat R. Modi | 1500 |
| Mukesh Gandhi | 1111 |
| Nilesh C. Doshi | 1100 |
| Hiren J. Sheth | 1000 |
| Umesh Nagda | 1000 |
| Ankit R. Mehta | 1000 |
| Bharat H. Shah | 1000 |
| Dinesh P. Shah | 1000 |
| Rajendra Shetty | 11000 |
| Rajendra Shetty | 10000 |
| A. M. Parekh | 7500 |
| VInaychandra C. Shah | 5000 |
| Hitendra Shah | 5000 |
| Vidyut B. Shah | 5000 |
| Ekta J. Vasani | 5000 |
| Western Metaflux Pvt. Ltd. | 5000 |
| Chhotalal Ratanji Shah | 4000 |
| Chandrakant Nagaira | 3000 |
| Kanti Dal Mill | 3000 |
| Paresh V. Chheda | 2500 |
| Kahan Packaging | 2500 |
| Rajendra Dalvi | 2500 |
| Parag D. Vora | 2000 |
| S. K. Medical & General Store | 2000 |
| Shree Adinath Consturction Equipment | 2000 |
| Shreeji Silk Mill | 2000 |
| Viral R. Gandhi | 2000 |
| Darshak Shah | 1500 |
| Vishal H. Shah & Associates | 1500 |
| Amrutlal L. Pokar | 1500 |

| | |
|---|---|
| Dilawar Sir | 1122 |
| Pravin C. Vakil | 1111 |
| Haridas Lalji Negandhi | 1100 |
| Himanshu D. Shah | 1000 |
| Vinod Vora | 1000 |
| Kirit A. Ravasia | |
| Bharat C. Shah | 1000 |
| Kiritkumar Ratilal Parekh | 1000 |
| Dhaval M. Shah | 1000 |
| Kavita R. Shah | 1000 |
| Veena D. Gandhi | 1000 |
| Kaushik C. Kothari | 1000 |
| Ramesh N. Mehta | 7500 |
| Kiran Bhatt | 2000 |
| Late Bhanuben R. Bharwad | 1000 |
| Nirmal C. Turakhia | 1000 |
| Smt. Rasila R. Gala | 1000 |
| Jayendra Makati | 1000 |
| Smt. Pushpa D. Gala | 1000 |
| Rajendra R. Sampat | 1000 |
| M/s. Sagar Speciality Chemicals P. Ltd | 1000 |
| Smt. Pushpaben B. Bavisi | 11000 |
| M/s. Ashish Industries | 5500 |
| Bhupendra K. Bagadia | 5000 |
| Virendra H. Mehta | 5000 |
| Ashok R. Shah | 5000 |
| Dr. Piyush N. Mody | 5000 |
| Nation Rubber Engineers | 5000 |
| Bipin H. Gandhi | 2500 |
| Bipin A. Mehta | 2500 |
| Rajeshbhai Thakkar | 2000 |
| Nitin N. Doshi | 2000 |
| Dilip Malji Savai | 1500 |
| Gunvantrai J. Modi | 1500 |
| Modi Chemi Pharma P. Ltd | 1500 |
| Ashwin D. Shah | 1000 |
| Manikant R. Doshi | 1000 |
| Bhavik Manilal Gala | 1000 |

### JJC - MALAD

| | |
|---|---|
| Sudhir Gandhi | 1001 |
| Atul J. Shah | 500 |
| Madhuriben K. Gala | 5100 |
| Dilip Shantilal Shah | 5000 |
| Navinchandra P. Sheth | 1000 |
| Mahendra M. Botadra | 1000 |
| Arvind M. Chheda | 1000 |
| Paresh C. Sanghvi | 1000 |
| Arvind K. Kothari | 1000 |
| Narendra C. Shah | 1100 |
| Ratilal G. Lad | 5000 |
| Ashok Anoopchand Kothari | 21000 |
| Jswantbhai Vakhariya | 15000 |
| Jayesh Motar Agency | 5000 |
| Bharat S. Mehta | 3000 |
| Well Wisher | 3000 |
| Mansukhbhai Patel | 2100 |
| Narendra Dedhia | 2000 |
| Prakash F. Shah | 2000 |
| Manharlal A. Mehta | 1500 |
| Suresh A. Mehta | 1500 |
| Sanjay C. Mathukia | 1500 |
| Arvind R. Karliya | 1500 |
| Mahendrabhai Shah | 1100 |
| Sevantilal P. Kothari | 1100 |
| Hirachandji L. Bhegani | 1100 |
| Prabha R. Lazagara | 1100 |
| Well Wisher | 1000 |
| Sanjay N. Shah | 1000 |
| Sanjay V. Shah | 1000 |
| Harshadbhai R. Shah | 1000 |
| Vijaybhai Shah | 1000 |
| Kalpesh H. Shah | 1000 |
| Maheshbhai Desai | 1000 |
| Hemal D. Kothari | 1000 |
| Arvind Shah | 1000 |
| Kalpesh D. Shah | 1000 |
| Bipin K. Doshi | 1000 |
| Ranjan P. Shah | 1000 |
| Shailesh P. Shah | 1000 |
| Kiran Y. Gandhi | 1000 |
| Atul P. Kamdar | 1000 |
| Vipul Chheda | 1000 |
| Mahendra Shah | 1000 |
| Bharat C. Bhayani | 1000 |
| Deepak Chheda | 1000 |
| Bharat Shah | 1000 |
| Satish S. Savla | 1000 |
| Jitendra Doshi | 1000 |
| Hitesh Vakhariya | 1000 |
| Hasmukh Indocha | 1000 |
| Vinubhai S. Mehta | 1000 |
| Hasmukhbhai Thakkar | 1000 |
| Dr. H. C. Shah | 1000 |
| Kavita Saree Centre (Jitubhai) | 1000 |
| Vijaybhai Sanghvi | 1000 |
| Shantilal H. Doshi | 1000 |
| Surendra K. Doshi | 1000 |

### JJC - GEM JAGDUSHA

| | |
|---|---|
| Bhumish M. Shah | 11000 |
| Shailesh R. Shah | 1000 |
| Hemendra Shah | 1000 |
| Asha A. Joshi | 5000 |
| Mahesh B. Doshi | 1000 |
| Yogesh J. Bajaria | 1001 |
| Vastupal A. Vadhar | 2100 |
| Dhimant L. Bhayani | 1000 |
| Jayshree D. Shah | 501 |
| Nitin B. Shah | 2000 |
| Sameer Savla | 500 |
| Sanjay K. Savla | 500 |
| Darshan Shah | 1000 |
| Jaswantrai Mehta | 1000 |
| Hardik B. Shah | 2000 |
| Kanta Shah | 1000 |
| Parul Maisheri | 1000 |
| Deven Shah | 1000 |
| Vipul Dawla | 1000 |
| Shri Balaji | 1000 |
| Chetan K. Shah | 2000 |
| Kaushal A. Parekh | 10008 |
| Pankaj Mehta | 1000 |

| | |
|---|---|
| Jatin Doshi | 2000 |
| Pravin M. Patel | 1000 |
| Kirit V. Dharod | 1000 |
| Anita A. Gandhi | 1000 |
| Jayesh R. Shah | 1000 |
| Paresh Desai | 1000 |
| Ketan Vasa | 500 |

JJC - NAVI MUMBAI

| | |
|---|---|
| Udani Hem Kiran | 5000 |
| Mohanbhai Thakkar | 5000 |
| Shah Pankaj G. | 2525 |
| Patel Narsinh Kanji | 2500 |
| Rambhia Jayendra Morarji | 2000 |
| Khimsiya Pankaj Keshaji | 2000 |
| Anoop Mohanlal Tharwani | 2000 |
| Ramesh Gobindram Nagpal | 1500 |
| Nikhil N. Shah | 1100 |
| Kirtida Tutorials | 1000 |
| Sai Baba Iron Steel Marble Centre | 1000 |
| Bharat K. Sethia | 1000 |
| Tatsu Virchand Dharamsey | 1000 |
| Momaya Indukumar Ladhabhai | 1000 |
| Sheth Nitin Pravinchandra | 1000 |
| Dedhia Mahendra Khimji | 1000 |
| Vora Jayesh V. | 11000 |
| Mehta Jayesh R. | 2000 |
| Nagda Navin V. | 1111 |
| Babaria Dhirubhai L. | 1000 |
| Kenia Kantilal R. | 1000 |
| Gosar Vasant U. | 1000 |
| Gala Rajesh M. | 1000 |
| Sanghv Nayan C. | 1000 |
| Babaria Hasmukhbhai P. | 1000 |
| Donga Kantilal H. | 1000 |
| Thakkar Anil M. | 1000 |
| Patel Bipinbhai P. | 1000 |
| Patel Narottam M. | 1000 |
| Gandhi Rajesh B. | 1000 |
| Timbadia Mansukh T. | 1000 |
| Shah Paresh J. | 1000 |
| Gandhi Sanjay R. | 1000 |
| Patel Punjabhai S. | 1000 |
| Bhayani Kirit J. | 1000 |
| Savla Bipin M. | 1000 |
| Dr. Jain P. M. | 1000 |
| Dave Bharatkumar V. | 1000 |
| Vora Laherchand M. | 1000 |
| Javeri Deepak V. | 500 |
| Rishi Enterprise | 11000 |
| Deliwala Heena Deepak | 5000 |
| Jain Navratan Dhanraj | 5000 |
| Thakkar Paresh M. | 2100 |
| Agarwal Sunil | 2000 |
| Desai Nigam Pravinchandra | 1500 |
| Chowdhari Harji P. | 1100 |
| Gosar Mahesh U. | 1000 |
| Sangoi Hemal | 1000 |
| Dharamsi Harish Damji | 1000 |
| Thakkar Navin B. | 1000 |
| Mavani Nitin K. | 1000 |
| Gala Gangji A. | 1000 |
| Satra Ketan | 1000 |
| Sarda Rajesh Pravinchandra | 10011 |
| Thakkar Ashokkumar N. | 1000 |
| Thakkar Bharat P. | 1000 |
| Thakkar Bhupendra T. | 1000 |
| Thakkar Suresh H. | 1000 |
| Mitesh Damji Dharod | 25000 |
| Chheda Rekin T. | 5000 |

## બંબાખાનામાં આગ લાગી છે

બારે મેઘ ખાંગા થાય હોય એવા વિકાસની હરણફાળનાં વધામણાં વચ્ચે
અફસોસ એક જ છે કે...
એ વિકાસની આંગળીએ આવ્યે જતી વિકૃતિઓની આપણને ચિંતા રહી નથી.
'ગઢ આલા પર સિંહ ગેલા'નો શિવાજીને અફસોસ હતો.
આપણને 'આલા'ના ધખારા છે – 'ગેલા'ની ફિકર નથી કારણકે
વિકૃતિઓ ખટકે એવી વિચારસરણી જ કોમામાં આવી ગઈ છે
જાણે બંબાખાનામાં જ આગ લાગી છે, પરિણામે...
સમાજનો એક ભાગ વૈતરા કરે છે – બીજો પેંતરા કરે છે.
આલતુ-ફાલતુ-પાલતુ માણસોથી રાજકારણ ઊભરાય છે.
સરહદે આતંકવાદીઓ માટે ઈનકમિંગ ફ્રી છે
બળાત્કારના સાક્ષાત્કાર અને આપઘાતના આઘાત રોજિંદી ઘટના છે.
કંસનું કામ હવે વસુદેવ અને દેવકી કરી રહ્યાં છે.
અયોધ્યાકાંડ પછી હવે લંકાકાંડ શરૂ થઈ ગયો છે.
લોભિયા હોય ત્યાં ધૂતારાને પોતાના યોગક્ષેમ માટે વીમાની જરૂર નથી રહી.
ટૅક્સ ફ્રી ઈન્કમ અને સેક્સ ફ્રી લાઈફની ખેવના છે – સેક્સ અને સેન્સેક્સની બોલબાલા છે.
માનવી આજે ભગવાનને માને છે, પણ ભગવાનનું માનતો નથી.
સંપત્તિ આવતાં ઘરનો સંપ પતી જાય છે.
મોટા ભાગનાનાં મગજ તપેલાં રહે છે – જોકે તપેલાં ખાલી જ હોય છે.
વસ્ત્રોનો ઉપયોગ ઘટતો જાય છે – શસ્ત્રોનો ઉપયોગ વધતો જાય છે.
માણસ જીભનો છુટ્ટો, વહેવારમાં જુઠ્ઠો અને વર્તનમાં બુઠ્ઠો થતો જાય છે.
કાયદેસર કરતાં ફાયદેસર કરવામાં જ સૌને રસ છે.
સિનિયર સિટિઝનોના વ્યાજ દર ઘટે છે – સાંસદોનાં ભથ્થાં વધે છે.
બારબાળાઓ પર પ્રતિબંધ અને ફૅશન ફેરના નગ્ન નાચ પર તાળીઓ પડે છે.
બાળ દિન ઊજવાય છે – દીન બાળ ઠેબા ખાય છે.
ખુદને ખરાબ કહેવાની હિંમત નથી, તેથી સૌ કહે છે 'જમાનો ખરાબ છે' છતાં....
ગાંધીગીરીનો વધતો વ્યાપ જોતા લાગે છે કે હજુ જગત જીવવા જેવું તો છે જ.
તેથી એટલું જ કહીએ કે... ગાઓ સ્નેહની સારેગમ, દૂર થઈ જશે સારે ગમ અને
જિંદગીની પળેપળ બની રહેશે દિવાળી

# તખ્તાને અણમોલ 'GOD GIFT' એટલે જ ''કાનજી વિરુદ્ધ કાનજી''




આ દુનિયા બે પ્રકારના માનવીઓથી ભરેલી છે. એક – જે ઈશ્વરમાં માને છે તેવા આસ્તિક અને બીજા જે ઈશ્વરમાં નથી માનતા તેવા નાસ્તિક. કિરણ ભટ્ટ પ્રસ્તુત, ભરત એન. ઠક્કર નિર્મિત, ભાવેશ માંડલિયા લિખિત, ઉમેશ શુક્લ દિગ્દર્શિત અને સચીન ખેડેકર અભિનિત અમરદીપનું નિર્માણ ''કાનજી વિરુદ્ધ કાનજી''ની સફળતાનું રહસ્ય એ છે કે આસ્તિક અને નાસ્તિક બન્ને પ્રકારની વ્યક્તિઓને અનહદ ગમે તેવું નાટક બન્યું છે.

કાનજી લાલજી મહેતા (સચીન ખેડેકર) એન્ટિક વસ્તુઓની દુકાનનો માલિક છે, એક સફળ બિઝનેસમૅન છે. એનો પ્રોબ્લેમ એ છે કે એ ઈશ્વરમાં બિલકુલ માનતો નથી. મંદિરમાં ઈશ્વરનાં દર્શન માટે લાંબી લાઈનમાં ઊભા રહેલા ભક્તોને એ અંધશ્રદ્ધાળુ અને મૂરખ સમજે છે. પોતાની પત્ની સુશીલા (ઐશ્વર્ય મહેતા) અને મિત્ર-મદદનીશ વસંત (જય ઉપાધ્યાય)ને ઠોસપૂર્વક કહે છે કે એની ધંધામાં જે સફળતા છે તે માત્ર તેની પોતાની બુદ્ધિ, આવડત, અનુભવ અને જ્ઞાનનું પરિણામ છે. આમાં ઈશ્વરે શું કર્યું! ઘરે ઈશ્વરને ધરેલો શીરો ઈશ્વર આરોગે તેની પહેલાં જ કાનજી ખાઈ જાય છે અને પત્નીને કહે છે તારો ભગવાન ક્યાં કોઈ દિવસ પ્રસાદ ખાવા માટે આવે છે...

અચાનક એક દિવસ ધરતીકંપમાં તેની એન્ટિકની દુકાન જમીનદોસ્ત થઈ જાય છે... એનો ઈન્સ્યોરન્સ એજન્ટ ધરતીકંપને LOSS OF NATUREનો ક્લોસ બતાડી તેને તેની દુકાનના ઈન્સ્યોરન્સના પૈસા નહીં મળે તેવું જણાવે છે. યુવા સફળ લેખક ભાવેશ માંડલિયાની બુદ્ધિચાતુર્ય અહીં ત્યારે પુરવાર થાય છે જ્યારે કાનજી LOSS OF NATURE માટે કાનજી (ઈશ્વર) પર અદાલતમાં કેસ દાખલ કરે છે. ઈશ્વર માટે જે મોટાં મંદિરોમાં પૈસા ધરીને તેના પ્રતિનિધિઓ-પંડિતો રસીદ લઈ સ્વીકાર કરે છે તેમને અદાલત સુધી ઘસડી જાય છે. આ ઈશ્વરનો પ્રકોપ છે તો મારા ઈન્સ્યોરન્સના પૈસાનું વળતર આ ઈશ્વરના પ્રતિનિધિઓ-પંડિતો ચૂકવે એવી માગણીમાં સિદ્ધેશ્વર (તુષાર કાપડિયા) અને લીલાધર (હિતેશ રાવલ) એ દેશને બે મહાન પ્રખર પંડિતોને કોર્ટમાં પડકાર કરે છે.

દિગ્દર્શક ઉમેશ શુક્લની કુનેહનો પરિચય સુજ્ઞ પ્રેક્ષકોને કાનજી અર્થાત્ ઈશ્વરની આધુનિક વસ્ત્રોમાં સદેહે રંગમચની હાજરીથી થાય છે. કમલેશ મોતા કૃષ્ણની ભૂમિકામાં રંગમંચ પર પોતાની હાજરીથી જ અજવાળાં પાથરે છે. પાત્રની ઊંડાઈ ને પોતાની સમજ સાથે ઓતપ્રોત થઈ કમલેશ મોતા અદ્‌ભુત કાબિલેદાદ અભિનય કરે છે.

લેખક ભાવેશ માંડલિયા અને દિગ્દર્શક ઉમેશ શુક્લની કોઠાસૂઝ સફળ ત્યારે જ પુરવાર થાય છે જ્યારે આસ્તિક પ્રક્ષકોને ઠેસ પહોંચાડ્યા વગર અને નાસ્તિક માણસોને ઈશ્વરની હસ્તીનું ભાન કરાવી એક અવિસ્મરણીય મનોરંજનસભર ''કાનજી વિરુદ્ધ કાનજી'' નામના નાટકની ભેટ ધરી. દિલીપ રાવલના ગીતને મુસા પાઈકના સ્વર સાથે સચીન સંઘવીએ સંગીતની જવાબદારી અને છેલ-પરેશે હંમેશ મુજબ રંગમંચને દેદીપ્યમાન બનાવ્યો. ''કાનજી વિરુદ્ધ કાનજી''માં પ્રેક્ષકોને પૈસા વસૂલ મનોરંજન કરાવે છે અભિનેતા સચીન ખેડેકર શુદ્ધ ગુજરાતી ભાષામાં સંવાદોના આરોહ-અવરોહના સંપૂર્ણ જ્ઞાન સાથે પોતાની અમાપ અભિનયશક્તિ દ્વારા કાનજીના પાત્રને યોગ્ય ન્યાય આપીને. સંવાદે-સંવાદે પ્રેક્ષકોને નાટકમાં ઓળઘોળ કરી દિગ્મૂઢ કરી દે તેવો અભિનય એ સચીન ખેડેકરનો ગુજરાતી તખતે સંપૂર્ણ વિજય છે. ઈશ્વર નામ માટે જરાસરખી પણ શંકા હોય તો ''કાનજી વિરુદ્ધ કાનજી'' જોઈ આવજો; જરૂરતથી માનતા થઈ જશો.